RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 18-06-2026 I VOL : 12 I Issue : 93 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સદાચાર જીવનની સાચી ઓળખ છે. નાની શરૂઆતથી મોટી સફળતા મળે છે.


3  ઝાલોદમાં 'ભૂતિયા' પાણી કનેક્શનોનો પર્દાફાશ? પાલિકાની તપાસમાં ગેરકાયદેસર જોડાણો સામે આવ્યા


4  લેબનોનમાંથી ઇઝરાયેલની સેના હટશે પછી જ શાંતિ કરાર પૂરો થશે: ઇરાન

6  એક્ટ્રેસ પૂજા બેનર્જી 39 વર્ષની વયે બીજી વખત માતા બનશે

7  નેયમાર ઈજાને કારણે ફીફા વર્લ્ડ કપના સમગ્ર ગ્રૂપ સ્ટેજમાંથી થઈ શકે છે બહાર


## એક નજર...

### અભિનેત્રી અંકિતા દવેએ દરિયા કિનારે આપ્યા ગ્લેમરસ પોઝ




અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઇન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

### માત્ર 103 જિલ્લામાં સામાન્ય વરસાદ

# ચોમાસુ નબળું, દેશના 40% ભાગમાં વરસાદની અછત

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

ભારતમાં ચોમાસાની આગળ વધવાની ગતિ અટકી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના 40% વિસ્તારોમાં વરસાદમાં ઘટાડો થયો છે. સેટેલાઈટ તસવીરોમાં મધ્ય અને પશ્ચિમ ભારતના મોટા ભાગમાંથી વાદળો ગાયબ જોવા મળી રહ્યા છે.



17 જૂનની સવારે INSAT-3DS સેટેલાઈટ દ્વારા લેવાયેલી તસવીરોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટકનું આકાશ સ્વચ્છ દેખાઈ રહ્યું છે. ચોમાસાની ધીમી ગતિને કારણે દેશના 723 જિલ્લાઓમાંથી માત્ર 103માં જ સામાન્ય વરસાદ થયો છે. તેનું મુખ્ય કારણ બંગાળની ખાડીમાં મજબૂત લો-પ્રેશર એરિયા એટલે કે ડિપ્રેશનનું ન બનવું છે.4 જૂને કેરળમાં દસ્તક આપ્યા પછી ચોમાસું 13 દિવસમાં 19 રાજ્યો સુધી પહોંચી ગયું છે. ચોમાસું તેલંગાણાના ભદ્રાચલમમાં 7 દિવસથી અટકેલું છે. આ કારણે છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં વરસાદમાં વિલંબ થયો છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા અને મધ્ય પ્રદેશના ઘણા શહેરોમાં સોમવારે પારો 40C થી વધુ રહ્યો. દેશમાં સૌથી વધુ પારો ઉત્તર પ્રદેશના વારાણસીમાં નોંધાયો. અહીં પારો 43C રહ્યો. જ્યારે યુપીના બાંદા અને પ્રયાગરાજમાં 42.6C, એમપીના ખજુરાહોમાં 42.2C, મહારાષ્ટ્રના બ્રહ્મપુરીમાં 42.2C અને ઓડિશાના બૌધમાં 42.6C રહ્યો. બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદની સંભાવના. બિહારમાં કેટલીક જગ્યાએ 50-70 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે. આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. ઘણા વિસ્તારોમાં 40-60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની સંભાવના છે. સિક્કિમ, ઉત્તર બંગાળ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની સંભાવના છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વરસાદ સાથે 40-60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે. ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

# મહારાષ્ટ્ર પછી હવે યુપીમાં સપા તૂટશે:રામગોપાલે શાહને પત્ર આપી દીધો છે

નાગપુર

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની જેમ જ સપામાં પણ ભંગાણ થવાનું છે. આ મોટો દાવો યુપીના કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે બુધવારે કર્યો. તેમણે ANI સાથેની વાતચીતમાં કહ્યું- મહારાષ્ટ્ર તરફ ધ્યાન ન રાખો, હવે યુપીનો નંબર છે. રાજભરે કહ્યું- સપા નેતા રામગોપાલ યાદવે ગૃહ મંત્રી અમિત શાહને પત્ર આપી દીધો છે. ધીમેથી તેમને કહી દીધું છે કે આટલા લોકોના નામ છે. તેમને બોલાવીને પોતાની પાસે લઈ લો. અમારો જીવ બચાવી રાખો. જો આવું નથી, તો રામગોપાલજી ખુલાસો કરે કે તે પત્રમાં શું લખ્યું છે.



તેમને શું તકલીફ છે. રાજભરે કહ્યું- ખનન પ્રકરણમાં CBIએ અખિલેશ યાદવનું પણ નામ રાખ્યું છે. તેઓ હજુ બહાર છે, તે જ મામલામાં પૂર્વ મંત્રી ગાયત્રી પ્રજાપતિ જેલમાં છે. ગોમતી રિવરફ્રન્ટ મામલામાં કોઈ જેલમાં ગયું છે ખરું? પીએમ મોદીએ સદનમાં કહ્યું હતું કે ક્યારેક-ક્યારેક અખિલેશજી પણ મદદ કરી દે છે, તો અખિલેશ મદદ રામગોપાલ પાસેથી કરાવે છે. તે જ પત્ર તેમણે આપ્યો છે. 'દાના અને ગાના ક્યાં સુધી ચાલશે અફસાના'- અખિલેશે કટાક્ષ કર્યો રાજભરના નિવેદન પર સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સમાં કટાક્ષ કર્યો. કહ્યું- 'દાના અને ગાના ક્યાં સુધી ચાલશે અફસાના'. અખિલેશે કહ્યું, ભાજપ આ જ રીતે કામ કરે છે. ઘણા પક્ષોને તોડી ચૂકી છે. યુપીમાં પણ સપાના ઘણા ધારાસભ્યો અને MLCને રાજ્યસભા ચૂંટણીમાં તેમણે તોડ્યા હતા.

# ટ્રમ્પની સામે PM નરેન્દ્ર મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવ્યો

## મોદીએ કહ્યું કે, 'આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે

નવી દિલ્હી

ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં મંગળવારે(16 જૂન) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. 16 મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી



મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતાં કહ્યું કે, 'ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા...' G-7 સમિટને સંબોધતા પીએમ મોદીએ શું કહ્યું? G-7 સમિટને સંબોધતાં પીએમ મોદીએ કહ્યું કે, 'આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે. કોઈ પણ દેશની ઊર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટૅક્નોલૉજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે. આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટૅક્નોલૉજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.' તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 'ટૅક્નોલૉજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.' વિશ્વ યુદ્ધને લઈને પીએમ મોદીએ કહ્યું કે, 'છેલ્લી સદીમાં માનવતાને બે વિશ્વયુદ્ધોનો સામનો કરવો પડ્યો. ઘણા બલિદાન પછી વિશ્વ સમુદાયે શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ તરફ આગળ વધવા માટે સિસ્ટમો વિકસાવી. આ સિસ્ટમો પણ વિશ્વાસ પર આધારિત હતી, પરંતુ ઘણી પેઢીઓના યોગદાન દ્વારા દાયકાઓથી બનેલો વિશ્વાસ પ્રભાવિત થઈ રહ્યો છે. કોવિડે આપણને બતાવ્યું છે કે, વિશ્વાસ અને એકતાના દાવા કેટલા પોકળ હતા. આજની દુનિયા સંસાધનોની અછત સાથે નહીં, પરંતુ વિશ્વાસના અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે.

## NEWS TRACK

### 'ઈરાન સાથે ડીલ ફાઈનલ નથી, બધું બરાબર નહીં ચાલે તો ફરી બોમ્બ ઝીંકીશું...' G7માં ટ્રમ્પની ધમકી

મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની વાતો સામે આવી રહી હતી. બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે. પરંતુ આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે. ફ્રાન્સમાં ચાલી રહેલી G7 સમિટ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું છે કે, 'ઈરાન સાથે હજુ MoU ફાઈનલ થયા નથી, જો ડીલમાં કંઈ પસંદ નહીં આવે તો અમેરિકા ફરી હુમલો કરશે' ફરીથી હુમલો કરવાની આપી ધમકી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં G7 સમિટમાં ભાગ લેવા ફ્રાન્સની મુલાકાતે છે. સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે ઈરાન સાથેના સંભવિત કરાર પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે દાવો કર્યો કે, 'અમે ઈરાનમાં બધું જ નષ્ટ કરી દીધું છે. ઈરાન સાથેનો MoU હજુ ફાઈનલ નથી. જો આ ડીલમાં મને કંઈપણ પસંદ નહીં આવે, તો અમે ઈરાન પર ફરીથી હુમલો કરીશું.'

### અમેરિકાનો ભારતને મોટો ઝટકો, પેસિફિક કમાન્ડના નામમાંથી 'ઇન્ડો' શબ્દ હટાવ્યો

અમેરિકાએ એક મોટું પગલું ભરતાં પોતાની 'ઈન્ડો-પેસિફિક કમાન્ડ'(USINDOPACOM)નું નામ બદલીને ફરીથી 'યુએસ પેસિફિક કમાન્ડ' (USPACOM) કરી દીધું છે. વર્ષ 2018ના નિર્ણયને પલટાવતા અમેરિકન સંરક્ષણ વિભાગે આ કમાન્ડના મૂળ નામને પુનઃસ્થાપિત કર્યું છે. આ ફેરફાર સાથે જ અમેરિકન સૈન્ય કમાન્ડ પોતાના એ ઐતિહાસિક નામ પર પરત ફરી છે, જે અંતર્ગત તેણે સાત દાયકા કરતાં પણ વધુ સમય સુધી કામ કર્યું હતું. જો કે, અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે, 'આ કમાન્ડનો ભૌગોલિક દાયરો અને જવાબદારીઓ પહેલાની જેમ જ ભારતની પશ્ચિમ સરહદ સુધી યથાવત્ રહેશે.' અમેરિકન સંરક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, મૂળ નામ (USPACOM) પાછું લાવવાનો હેતુ, આ કમાન્ડની ઐતિહાસિક ઓળખ અને તેની સંસ્થાગત વિરાસતને સન્માન આપવાનો છે. આ સૈન્ય કમાન્ડની સ્થાપના 1 જાન્યુઆરી 1947ના રોજ તત્કાલીન અમેરિકન પ્રમુખ હેરિ એસ. ટ્રુમેન દ્વારા કરવામાં આવી હતી, અને તે અમેરિકાની સૌથી જૂની અને સૌથી મોટી સૈન્ય કમાન્ડ છે.

# મહેસાણા ખાખીની આબરૂ હરાજી પર!: એસપી અને LCB PIના 'વહીવટદારો' એ આખા જિલ્લાને દારૂ-જુગારનો અડ્ડો બનાવ્યો!

## કરોડોના 'હપ્તા રાજ'નો સનસનાટીપૂર્ણ ખુલાસો: પોલીસકર્મી તરુણ ડાભીનો 'બીજા એસપી' જેવો રુઆબ અને કુખ્યાત બૂટલેગર ઈમરાન જેલના સળિયા પાછળથી ચલાવે છે આખું નેટવર્ક!

મહેસાણા (બ્યુરો રિપોર્ટ)

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો અને સણસણતો પર્દાફાશ *'પાક્કો ગુજરાત'*ની ટીમ કરવા જઈ રહી છે. ગાંધીનગરના નાકની નીચે આવેલો મહેસાણા જિલ્લો અત્યારે અસામાજિક પ્રવૃત્તિઓ અને ગુનેગારોનું એપીસેન્ટર બની ગયો છે. મહેસાણામાં છેલ્લા કેટલાક સમયથી ઠેર-ઠેર વિદેશી દારૂ, કેમિકલયુક્ત દેશી દારૂ અને હાઈપ્રોફાઈલ જુગારની હાટડીઓ કોઈ પણ જાતના ભય વગર ધમધમી રહી છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે સ્થાનિક નાગરિકો હવે મહેસાણાને 'મિનિ ગોઆ' તરીકે ઓળખાવવા લાગ્યા છે!

**ઝાકિર-યુસુફના લાખોના જુગારધામ અને કેમિકલયુક્ત ઝેરી દારૂના કારણે શું મહેસાણામાં ફરી લઠ્ઠાકાંડની તૈયારી? પુરાવા આપવા છતાં SMC, રેન્જ IG અને ઉચ્ચ તંત્ર કેમ મૌન? શું આખી દાળ જ કાળી છે?**

સવાલ એ થાય કે ગાંધીનગરની સાવ નજીક આટલું મોટું પાપ કોના આશીર્વાદથી ચાલી રહ્યું છે? તો સાંભળો... આ સમગ્ર ગોરખધંધા અને કાળી કમાણી પાછળ મહેસાણા જિલ્લાના એસપી હિમાશુ સોલંકી, એલસીબી પીઆઈ કામડીયા અને રેન્જ આઈજીના કથિત વહીવટદારોનું સીધું સંચાલન હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ખાખીની આડમાં ચાલતા કરોડો રૂપિયાના આ હપ્તાખોરીના સામ્રાજ્યનો અસલી ચહેરો હવે બેનકાબ થઈ ગયો છે.

### જેલમાંથી VIP રાજ અને ખાખી વર્દીમાં 'બીજા એસપી'નો રુઆબ!

સૂત્રો પાસેથી મળેલી સળગતી વિગતો મુજબ, આ આખા નેટવર્કની દોરી સંચાર બે કથિત વહીવટદારોના હાથમાં છે:

તરુણ ડાભી (પોલીસ કર્મચારી): નોકરી તો પોલીસ ખાતામાં કરે છે, પરંતુ આખા જિલ્લામાં 'વહીવટદાર' તરીકે ઓળખાય છે. તેનો રુઆબ જિલ્લાના 'બીજા એસપી' જેવો છે! કરોડોના આ વહીવટમાં અંધ બનેલા આ પોલીસકર્મીએ પોતાના સ્વાર્થ માટે કેટલાય પ્રામાણિક પોલીસ કર્મચારીઓનો ભોગ લીધો હોવાની ચર્ચા છે. વર્ષોથી એકહથ્થુ શાસન ચલાવતા તરુણ ડાભી પર કોઈ મોટા રાજકીય નેતાનો હાથ હોવાની પૂરેપૂરી આશંકા છે.

બૂટલેગર ઈમરાન (જેલમાંથી રેન્જ આઈજીનો વહીવટ!): આ આખા પ્રકરણનો સૌથી મોટો અને શરમજનક ખુલાસો એ છે કે, આખા રેન્જનો કથિત વહીવટ સંભાળતો ઈમરાન હાલમાં કડી સબ જેલમાં બંધ છે! દારૂનો આ મોટો બૂટલેગર જેલના સળિયા પાછળ હોવા છતાં તેને જેલની અંદર એસી (AC), ટીવી (TV) સહિતની તમામ પ્રકારની વીઆઈપી (VIP) સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જેલની અંદર બેસીને આ ગુનેગાર આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે અને ઉચ્ચ અધિકારીઓ મૌન સંમતિ આપી રહ્યા છે!

### જુઓ... ક્યાં અને કોના ઈશારે ચાલે છે પાપના અડ્ડા? (સ્પેશિયલ ગ્રાઉન્ડ રિપોર્ટ)

નંદાસણ પોલીસની હદ (રાજપુર ગામ): કલાપી હોટલની પાછળ ખુલ્લા ખેતરમાં ઝાકિર અને યુસુફ નામના શખ્સો રાજકોટ, અમદાવાદ અને ઉત્તર ગુજરાતના મોટા ગજાના જુગારીઓને બોલાવી કરોડોનો હાઈપ્રોફાઈલ જુગાર રમાડે છે. આ અડ્ડો ચલાવવા માટે રોજનો રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ) નો હપ્તો સીધો વહીવટદાર તરુણ ડાભીને પહોંચતો કરાતો હોવાનો સનસનાટીપૂર્ણ આક્ષેપ છે.

બાવલુ પોલીસની હદ (લોર ગામ): ઠાકોરવાસની બાજુમાં ખુલ્લા ખેતરમાં રમેશ ઠાકોર મોટા પાયે જુગારધામ ચલાવે છે, જેનો દૈનિક હપ્તો રૂ. ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ) હોવાની ચર્ચા છે.

ગોઝારિયા રેલ્વે ફાટક: અહીં બેચર ઠાકોર દ્વારા ઠાકોરવાસ પાસે ખુલ્લેઆમ, જાહેરમાં ઈંગ્લિશ દારૂનું વેચાણ કરાય છે.

ભસરિયા અને લિંચ ગામ: ભસરિયામાં વીરસંગજી ઠાકોર અને લિંચ ગામમાં સુરેશ ઠાકોર ખાખીના ખોફ-ખોફ વગર ઈંગ્લિશ દારૂનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે.

### રાજસ્થાનની 'બિશ્નોઈ ગેંગ' અને આશુ અગ્રવાલ સાથે સીધું કનેક્શન?

આક્ષેપોની કડી એટલી મજબૂત છે કે, કથિત વહીવટદાર તરુણ ડાભી આખા જિલ્લામાં દારૂનો જથ્થો ઘુસાડવા માટે રાજસ્થાનના કુખ્યાત માફિયાઓ સાથે સીધો સંપર્ક ધરાવે છે. આબુનો આશુ અગ્રવાલ અને સાંચોરની કુખ્યાત 'બિશ્નોઈ ગેંગ' પાસેથી કન્ટેનરો અને લક્ઝરી ગાડીઓ ભરી-ભરીને દારૂ મહેસાણાની સરહદોમાં ઘુસાડવામાં આવે છે. આ કાળા કારોબારમાંથી મહિને કરોડો રૂપિયાની હપ્તા વસૂલી કરીને રેન્જ આઈજી, મહેસાણા જિલ્લા પોલીસવડા અને એલસીબી પીઆઈ સુધી 'વહીવટ' પહોંચાડવામાં આવતો હોવાથી જ, જિલ્લાના કોઈ પોલીસ મથકની હિંમત નથી કે આ અડ્ડાઓ પર રેડ પાડી શકે! તમામ પોલીસ સ્ટેશનોને કડક મૌખિક સૂચનાઓ આપી દેવામાં આવી છે કે આ અડ્ડાઓ તરફ જોવું પણ નહીં!




### કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ: શું ફરી લઠ્ઠાકાંડ સર્જવાની ગણતરી છે?

ઈંગ્લિશ દારૂ તો ઠીક, પણ જિલ્લામાં ઠેર-ઠેર દેશી દારૂની ભઠ્ઠીઓ પણ ધમધમી રહી છે, જેમાં માનવ જિંદગી સાથે ચેડાં કરતું જીવલેણ કેમિકલ વાપરવામાં આવી રહ્યું છે. જો મહેસાણા જિલ્લામાં આ ઝેરી કેમિકલયુક્ત દારૂના કારણે કોઈ લઠ્ઠાકાંડ સર્જાય અને ગરીબ-નિર્દોષ નાગરિકોના મોત થાય, તો તેનો જવાબદાર કોણ? એસપી હિમાશુ સોલંકી, એલસીબી પીઆઈ કામડીયા કે પછી રેન્જ આઈજી?

### 'પાક્કો ગુજરાત'ની રજૂઆત છતાં તંત્ર ઘોર નિંદ્રામાં! શું આખી દાળ જ કાળી છે?

આ ગંભીર અને સળગતી પરિસ્થિતિ અંગે *'પાક્કો ગુજરાત'*ની ટીમે પૂરતા પુરાવા સાથે એલસીબી પીઆઈ કામડીયાને મૌખિક રજૂઆત કરી હતી. એટલું જ નહીં, જિલ્લા પોલીસ વડા (SP) ને રૂબરૂ જાણ કરવા ઉપરાંત તમામ સચોટ પુરાવાઓ સાથે ઈમેલ દ્વારા લેખિત ફરિયાદ પણ મોકલી હતી. આ સિવાય ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને પણ આ અંગે વાકેફ કરવામાં આવ્યા હતા. પરંતુ અત્યંત શરમજનક અને શંકાસ્પદ બાબત એ છે કે દિવસો વીતવા છતાં હજુ સુધી એક પણ અડ્ડા પર કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી!

આ રહસ્યમય મૌન જ સાબિત કરે છે કે મહેસાણા પોલીસ અને બૂટલેગરો વચ્ચેની મિલીભગત કેટલી ઊંડી છે. અહીં દાળમાં કંઈક કાળું નથી, આખેઆખી દાળ જ કાળી છે!

### જનતાનો સવાલ: રાજ્યના પોલીસ વડા અને ગૃહ મંત્રી ક્યારે એક્શન લેશે?

પોલીસ ખાતા પર કલંક સમાન બનેલા વહીવટદાર તરુણ ડાભી અને જેલમાંથી આખું રેકેટ ચલાવતા ઈમરાન સામે તાત્કાલિક તપાસ થવી જરૂરી છે. જો રાજ્યના પોલીસ વડા (DGP) અને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) આ સમગ્ર હપ્તાખોરીના કૌભાંડની તટસ્થ તપાસ કરે, તો ખાખી વર્દી પાછળ છુપાયેલા અનેક મોટા માથાઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ શકે તેમ છે.

શું ગૃહ વિભાગ અને રાજ્ય સરકાર આ કથિત વહીવટદારો અને હપ્તાખોરીના આખા રેકેટ પર બુલડોઝર ફેરવશે? કે પછી મહેસાણામાં આમ જ ખુલ્લેઆમ કાયદાના ધજાગરા ઉડતા રહેશે? જનતા હવે આરપારના મૂડમાં છે અને જવાબ માંગી રહી છે!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## શિક્ષણમાં 'આમૂલ પરિવર્તન'ના દાવા માત્ર કાગળ પર?

# રાજ્યની સરકારી શાળાઓના લાખો ગરીબ વિદ્યાર્થીઓ પુસ્તકો વિના ભણવા મજબૂર....!



■ **ભવ્ય કાર્યક્રમો વચ્ચે વરવી વાસ્તવિકતા: શાળા શરૂ થયાના 10 દિવસ પછી પણ ધોરણ 9 અને 11ના પુસ્તકો ગાયબ; 208માંથી માત્ર 15 રૂટ પર જ વિતરણ થયું!**

અમદાવાદ

રાજ્ય સરકાર દ્વારા એક તરફ શિક્ષણમાં મોટા સુધારાઓ અને સ્ટેટ કરિક્યુલમ ફ્રેમવર્ક (State Curriculum Framework) ના ભવ્ય લોન્ચિંગના દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ગુજરાતમાં શિક્ષણની એક અત્યંત વરવી વાસ્તવિકતા સામે આવી છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને ૧૦ દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં રાજ્યની સરકારી શાળાઓના લાખો ગરીબ વિદ્યાર્થીઓ હજુ સુધી પાઠ્યપુસ્તકો વિના જ અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન ખાતે એક પત્રકાર પરિષદ યોજીને દસ્તાવેજી પુરાવા સાથે પાઠ્યપુસ્તક મંડળની ગંભીર બેદરકારીનો પર્દાફાશ કર્યો છે. કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે સત્તાવાર ડેટા સીટ જાહેર કરતા જણાવ્યું હતું કે, તા. ૧૬ જૂન, ૨૦૨૬ સુધીની સ્થિતિ અનુસાર ધોરણ ૯ થી ૧૨ ના વિનામૂલ્યે અપાતા પુસ્તકોના વિતરણમાં ઘોર વિલંબ થયો છે. રાજ્યના કુલ ૨૦૮ સપ્લાય રૂટમાંથી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો મોકલાયા છે, જ્યારે ૧૯૩ રૂટ પર હજુ સુધી પુસ્તકો પહોંચ્યા જ નથી. આના કારણે રાજ્યભરના ૪૦૦થી વધુ સરકારી વિતરણ કેન્દ્રો હાલમાં ખાલીખમ પડ્યા છે. ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ ના ગરીબ વિદ્યાર્થીઓ પુસ્તકોની રાહ જોઈ રહ્યા છે. અહેવાલમાં સૌથી ચોંકાવનારો આક્ષેપ એ કરવામાં આવ્યો છે કે, જે પુસ્તકો બજારમાં પૈસા આપીને ખરીદવાના હોય છે તે સમયસર છપાઈને પ્રાઈવેટ બુકસ્ટોર પર પહોંચી ગયા છે. પરંતુ સરકારી શાળાના અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને જે પુસ્તકો વિનામૂલ્યે આપવાના હોય છે, તેનું છાપકામ જ હજુ સુધી પૂરું કરવામાં આવ્યું નથી! આ સ્થિતિ પર સવાલ ઉઠાવતા કોંગ્રેસે પૂછ્યું છે કે, 'સરકારની પ્રાથમિકતા ગરીબોનું શિક્ષણ છે કે પુસ્તકો વેચીને કમાણી કરવાનો ધંધો?' પાઠ્યપુસ્તક મંડળના આંતરિક દસ્તાવેજોને ટાંકીને પ્રવક્તાએ જણાવ્યું કે, આ માત્ર વહીવટી વિલંબ નથી પરંતુ ખરીદી, આયોજન અને છાપકામ પ્રક્રિયામાં મોટા પાયે થયેલી અનિયમિતતા અથવા સંભવિત કૌભાંડ તરફ ઈશારો કરે છે. આ ગંભીર બેદરકારી બદલ જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

## સુરતમાં પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી: લિંબાયતમાં નવો રોડ બેસી જતાં ડમ્પર ફસાયું

સુરત

સુરત મહા નગરપાલિકાના લિંબાયત ઝોનમાં આવતા ડિંડોલી વિસ્તારમાં પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડની ગુણવત્તા પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. ડ્રેનેજ લાઇન નાખ્યા બાદ તાજેતરમાં જ બનાવાયેલો રસ્તો અચાનક બેસી જતાં એક ડમ્પર તેમાં ફસાઈ ગયું હતું. આ ઘટનાને કારણે પીક અવર્સ દરમિયાન સમગ્ર વિસ્તારમાં કલાકો સુધી ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને પગલે સ્થાનિકો અને વાહનચાલકોમાં પાલિકા તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, લિંબાયત ઝોન હેઠળની માનસી રેસિડેન્સીની સામે, પાણીની ટાંકી નજીક થોડા સમય પહેલાં જ ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, ડ્રેનેજ લાઇન માટે ખોદવામાં આવેલી ટ્રેન્ચ (ખાડો) પુરવામાં પાલિકાના કોન્ટ્રાક્ટર અને તંત્રએ ઘોર બેદરકારી દાખવી હતી. યોગ્ય પુરાણ કર્યા વિના અને ટેકનિકલ ધોરણોનું પાલન કર્યા વગર જ તેના પર ઉતાવળે રોડ બનાવી દેવામાં આવ્યો હતો. આ નબળી કામગીરીની અસર આજે સવારે પીક અવર્સ દરમિયાન જોવા મળી હતી. માર્ગ પર સવારે અચાનક મોટી તિરાડો દેખાવા લાગી હતી અને જોતજોતામાં રસ્તાનો એક મોટો ભાગ ધસી પડ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલું એક ભારેભરખમ ડમ્પર રસ્તામાં ફસાઈ ગયું હતું. ડમ્પર ફસાઈ જવાને કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો અને નોકરી-ધંધે તેમજ સ્કૂલે જતાં હજારો વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાઈ પડ્યા હતા. સ્થાનિક રહીશોએ પાલિકાની કામગીરી સામે તીખા સવાલો ઉઠાવ્યા છે. લોકોનું કહેવું છે કે ચોમાસું માથે છે ત્યારે કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તાઓ થોડા જ દિવસોમાં તૂટી જાય તે ગુણવત્તા સામે મોટા સવાલો ઊભા કરે છે.

આ કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે અને જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે. ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફસાયેલા ડમ્પરને બહાર કાઢવા અને રસ્તાના તાકીદના સમારકામ માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કે, તંત્રની આ ઢીલી અને લોલંલોલ કામગીરીને લઈને પ્રજામાં હજુ પણ ભારે રોષ વ્યાપેલો છે.

## પેવેલિયન હાઇટ્સની સ્કીમમાં પૈસા રોકનાર નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે 22.81 લાખની છેતરપિંડી

વડોદરા

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં ફ્લેટ બુક કરાવનાર નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે ઊંચા વળતરની લાલચ આપી રૂ.22.81 લાખ પડાવી છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. ફ્લેટના કામમાં વિલંબ થતો હોવાનું જણાવી આરોપીએ રોકાણ કરાવવાના બહાને રકમ મેળવી હતી. જોકે, નોટરી કરાર કર્યા બાદ પણ ન તો વચન મુજબનું વળતર મળ્યું અને ન તો મૂળ રકમ પરત મળતા આખરે પીડિતે પોલીસનો આશરો લીધો છે.

વાસણા રોડ વિસ્તારમાં રહેતા અને ONGC ખંભાતમાંથી ચીફ એન્જિનિયર (મેકેનિકલ) તરીકે નિવૃત્ત થયેલા હરજીતસિંગ દર્શનસિંગે વર્ષ 2020માં ગોત્રી સ્થિત પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં આશરે રૂ.60 લાખનો ફ્લેટ બુક કરાવ્યો હતો. આ દરમિયાન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પ્રતિક મહેતા સાથે તેમની ઓળખાણ થઈ હતી. પીડિતનો આક્ષેપ છે કે પ્રતિક મહેતાએ ફ્લેટનું કામ પૂર્ણ થવામાં સમય લાગશે તેમ જણાવી તેમની પાસે રોકાણ માટે નાણાં માંગ્યા હતા. સાથે જ 24 ટકા સુધીનું વળતર આપવાની અને જરૂર પડે ત્યારે 10 દિવસમાં રકમ પરત કરવાની ખાતરી આપી હતી.

આ વિશ્વાસમાં આવી વૃદ્ધે એપ્રિલ-2023થી ઓગસ્ટ-2024 દરમિયાન તબક્કાવાર રૂ.22,81,520 પ્રતિક મહેતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. તા.09 ડિસેમ્બર 2023ના રોજ રૂ.15 લાખની રકમ એક વર્ષ માટે આપવામાં આવી હોવા અંગે બંને વચ્ચે નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો. જોકે, સમય પૂર્ણ થયા બાદ પણ આરોપીએ ન તો વળતર ચૂકવ્યું અને ન જ મૂળ રકમ પરત કરી હતી. ઓક્ટોબર-2024માં દીકરીના લગ્ન પ્રસંગે નાણાંની જરૂરિયાત ઊભી થતા વૃદ્ધે વારંવાર ઉઘરાણી કરી હતી.

## બેંગ્લોર ગયેલા દંપતીના ઘરમા ચોરી : રૂ.1.80 લાખની મત્તા તસ્કરો લઈ ફરાર

વડોદરા

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા નિવૃત્ત વૃદ્ધ પોતાના પત્ની સાથે દીકરા પાસે બેંગ્લોર ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને અજાણ્યા ચોરોએ નિશાન બનાવ્યું હતું. ચોરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી બેડરૂમમાં રાખેલી તિજોરીના લોકરનું તાળું તોડી અંદર રહેલા સોનાના દાગીના, ચાંદીની લગડી અને રોકડ રકમ મળી કુલ રૂ.1.80 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ પડોશીએ ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું ધ્યાનમાં આવતા કરી હતી, જેના આધારે સમગ્ર ચોરીનો ભાંડો ફૂટ્યો હતો.

અકોટાના માધવબાગ નજીક કૃષ્ણ શાંતિ સોસાયટીમાં રહેતા 67 વર્ષીય મહેશભાઈ રમેશચંદ્ર પંડ્યાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ અને તેમની પત્ની 29 મેના રોજ બેંગ્લોર ખાતે રહેતા પુત્ર દેવલ પાસે ગયા હતા. દરમિયાન ઘરના ફૂલછોડની સંભાળ માટે એક પરિચિત મહિલાને જવાબદારી સોંપવામાં આવી હતી. 12 જૂનની સાંજે તેઓ ફૂલછોડને પાણી આપી ગયા બાદ બીજા દિવસે સવારે પડોશી શીખાબેન શાહે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો અને તાળું તૂટેલું હોવાનું જોઈ મહેશભાઈની પત્નીને જાણ કરી હતી. ત્યારબાદ પરિવારજનોએ ઘરે પહોંચી તપાસ કરતાં મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો તેમજ ઘરના સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. વધુ તપાસમાં બેડરૂમમાં રહેલી તિજોરીનું લોકર તોડી અંદરથી 15 ગ્રામ વજનની સોનાની ચેઈન, 500 ગ્રામ વજનની ચાંદીની લગડી અને રૂ.10 હજાર રોકડ મળી કુલ રૂ.1.80 લાખની માલમત્તા ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

## વડોદરા કોર્પોરેશનની સ્થાયી સમિતિમાં રૂ.15.21 કરોડના વિકાસના વિવિધ કામો રજૂ

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠક આગામી 19 જૂન, શુક્રવારના રોજ યોજાનાર છે. બેઠકમાં શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને લગતા રૂ.15.21 કરોડના વિવિધ મહત્વના કામો મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યા છે.

સ્થાયી સમિતિ સમક્ષ ચોમાસા પૂર્વે હાથ ધરવામાં આવતી પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષોના ટ્રીમિંગ માટેના ખર્ચને મંજૂરી આપવાનો મુદ્દો રજૂ કરવામાં આવશે. ઉપરાંત પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સરદાર એસ્ટેટ ચાર રસ્તાથી અન્ય વિસ્તારો સુધી નવી પાણીની લાઈન નાખવાના ખર્ચ અંગેના કામોને પણ મંજૂરી માટે મૂકવામાં આવશે.

આ ઉપરાંત મહીસાગર નદીમાંથી લેવામાં આવતા પાણીના જથ્થા બદલ ચૂકવવાપાત્ર રકમના મુદ્દે પણ નિર્ણય લેવાશે.

શહેરમાં વિવિધ વિભાગોની કામગીરી વધુ અસરકારક બનાવવા માટે 8 નવા વાહનોની ખરીદીનો પ્રસ્તાવ પણ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ થવાનો છે.

શૈક્ષણિક અને જ્ઞાનલક્ષી સુવિધાઓના વિસ્તરણના ભાગરૂપે બાપોદ વિસ્તારમાં નવી ડિસ્ટ્રિક્ટ લાઈબ્રેરીના નિર્માણનો મહત્વનો પ્રોજેક્ટ પણ એજન્ડામાં સામેલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વિવિધ વિભાગોના ખર્ચ, વિકાસકાર્યો અને વહીવટી મંજૂરીઓ સંબંધિત અનેક દરખાસ્તો પર ચર્ચા-વિચારણા બાદ નિર્ણય લેવામાં આવશે.

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

### મેયર અને કમિશનરને ઈ-મેઈલ મળતા જ આખું તંત્ર હચમચી ગયું!

વડોદરા


સંસ્કારી નગરી વડોદરામાંથી આંચકાજનક અને કાળજું કંપાવી દેનારા સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકા (VMC)ની વડી કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની સીધી ધમકી મળતા જ સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં ભારે નાસભાગ સાથે હડકંપ મચી ગયો છે. જાણે કોઈ મોટું ષડયંત્ર રચાયું હોય તેમ, મ્યુનિસિપલ કમિશનર અને મેયરના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર આ ખોફનાક અને ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો હતો. આ મેઈલ ઈનબોક્સમાં ટપકતાં જ ઉચ્ચ અધિકારીઓના હોશ ઊડી ગયા હતા અને તાબડતોડ ટોચની સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી હતી. ધમકીની ગંભીરતાને જોતાં જ પાલિકા કચેરી અને તેની આસપાસના સંવેદનશીલ વિસ્તારોને તાત્કાલિક લોખંડી સુરક્ષા ઘેરાવમાં લઈ લેવામાં આવ્યા છે. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ આખી બિલ્ડિંગ ખૂંદી વળીને અત્યંત ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધર્યું છે. આ મેઈલ પાછળ કયા દેશવિરોધી તત્વો કે અસામાજિક તત્વોનો હાથ છે, તેનો પર્દાફાશ કરવા માટે સાયબર ક્રાઈમની ટેકનિકલ ટીમો રાત-દિવસ એક કરી રહી છે. આ સનસનાટીભરી ઘટનાને પગલે મહાનગરપાલિકાના કર્મચારીઓ અને ત્યાં આવતા સામાન્ય નાગરિકોમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વડોદરા હાલોલ હાઈવે રક્તરંજિત

# કોટંબી સ્ટેડિયમ પાસે કાળજું કંપાવી દેનારો અકસ્માત, ઊંઘમાં જ 7 પ્રવાસીઓને આંબી ગયું મોત!

વડોદરા

વડોદરા-હાલોલ હાઈવે પરથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પાસે વહેલી સવારે કાળમુખી લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૭ નિર્દોષ પ્રવાસીઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બસની કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો, પરંતુ આ જ કેબિનમાં સ્થાપિત દેવાધિદેવ મહાદેવની મૂર્તિ કાચ તૂટવા છતાં એકદમ સુરક્ષિત અને સલામત રહી હતી! જેને જોઈને ખુદ પોલીસ અને બચાવ કામગીરી કરનારા પણ



સ્તબ્ધ થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, હાઈવે પર કોટંબી સ્ટેડિયમ નજીક એક ટ્રક ચાલક પોતાની ગાડી ઉભી રાખીને ટાયર ચેક કરી રહ્યો હતો. બરાબર એ જ સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બસ સીધી જ ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ પડી હતી.

અકસ્માત સમયે બસમાં સવાર મોટાભાગના મુસાફરો ગાઢ નિદ્રામાં હતા. અચાનક થયેલા આ પ્રચંડ ધડાકા સાથે જ ચીસાચીસ અને લોહીની નદીઓ વહી નીકળી હતી. ઊંઘી રહેલા ૭ કમનસીબ પ્રવાસીઓ માટે આ ઊંઘ જ આખરી નીવડી હતી અને તેમણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનીક લોકો, હાઈવે પોલીસ અને ૧૦૮ની ટીમો તાબડતોડ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ક્રેનની મદદથી બસના પતરાં કાપીને અંદર ફસાયેલા પ્રવાસીઓ અને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.


આ ભયાનક દુર્ઘટનામાં અન્ય કેટલાક પ્રવાસીઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. 'પાક્કો ગુજરાત' મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. હવે જોવાનું એ રહેશે કે હાઈવે પર કાળ બનીને દોડતા સ્પીડના શોખીન વાહનચાલકો સામે પોલીસ ક્યારે લાલ આંખ કરે છે!

## વાહનચાલકો ભારે પરેશાન

# ડભોઇની મહત્વની તરસાણા ચોકડી પરથી દિશા સૂચક બોર્ડ ગાયબ : તંત્ર ઘોર નિદ્રામાં

ડભોઇ, (ફકીરા ખત્રી)

ડભોઈની સૌથી વ્યસ્ત અને મહત્વની ગણાતી તરસાણા ચોકડી હાલમાં વાહનચાલકો માટે અકસ્માતનો ઝોન અને મૂંઝવણનું કેન્દ્ર બની ગઈ છે. દસ દિવસ પહેલા આવેલા વાવાઝોડાના કારણે અહીં લગાવવામાં આવેલું દિશા સૂચક બોર્ડ (જેના પર વાઘોડિયા આ તરફ જવાય લખેલું હતું) તે નીચે પડી ગયું હતું અને ત્યારબાદ ત્યાંથી ગાયબ થઈ ગયું છે. આ ઘટનાને ૧૦ દિવસ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓ દ્વારા નવું બોર્ડ લગાવવાની તસ્દી લેવામાં આવી નથી. ડભોઈની તરસાણા ચોકડી એ માત્ર સ્થાનિક જંક્શન નથી પરંતુ ચાર મહત્વના રૂટોને જોડતી મુખ્ય કડી છે, જેમાં વાઘોડિયા, બોડેલી, વડોદરા અને ડભોઈ તરફ જવાના રસ્તાઓનો સમાવેશ થાય છે. દિવસ-રાત અહીંથી હજારો વાહનો પસાર થાય છે. સ્થાનિક લોકોને તો રસ્તાની ખબર હોય છે



પરંતુ રાત્રિના સમયે બહારગામથી આવતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાય છે. દિશા સૂચક બોર્ડ ન હોવાને કારણે વાહનચાલકો ખોટા રસ્તે ચડી જાય છે અથવા રસ્તો શોધવા માટે અધવચ્ચે વાહન ઊભું રાખવું પડે છે. આ મુખ્ય ચોકડી પર અગાઉ પણ વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. રાત્રિના અંધારામાં દિશા ન સૂઝાતા વાહનો અચાનક બ્રેક મારે છે અથવા ખોટી દિશામાં વળી જાય છે, જેનાથી ગંભીર અકસ્માત થવાનો ભય સતત તોળાતો રહે છે. સ્થાનિકો અને રાહદારીઓમાં તંત્રની આ નિષ્કાળજી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની મુખ્ય માંગણીઓ: નવા દિશા સૂચક બોર્ડ: ચોકડી પર ચારેય તરફ જવા માટેના સ્પષ્ટ અને મોટા સાઈન બોર્ડ તાત્કાલિક લગાવવામાં આવે. રેડિયમ વાળા બોર્ડ: રાત્રિના સમયે દૂરથી પણ રસ્તો દેખાય તે માટે ખાસ રેડિયમ (Radium) વાળા બોર્ડ અને રિફ્લેક્ટર્સ લગાવવામાં આવે જેથી બહારથી આવતા ચાલકો અટવાય નહીં. હવે જોવાનું એ રહ્યું કે, રોજબરોજ હેરાન થતા વાહનચાલકોની આ રાડ સાંભળીને સ્ટેટ હાઈવેના કુંભકર્ણ નિદ્રામાં પોઢેલા અધિકારીઓ ક્યારે જાગશે અને ક્યારે અહીં નવું બોર્ડ લગાવશે?

## હિન્દુ નામ ધારણ કરી દીકરીઓને ફસાવનાર કરીમ સિપાઈ સામે વધુ એક ફરિયાદ

# 'આદિત્ય' બનીને મહિલાઓનું શોષણ કરનાર નરાધમ સામે બીજી FIR નોંધાઈ : પોલીસનો ગાળિયો કસાયો..!

મહેસાણા/કડી

ધર્મોની આડમાં અને નકલી ઓળખ ઊભી કરીને માસૂમ મહિલાઓને શિકાર બનાવતા તત્વો સામે 'પાક્કો ગુજરાત' હંમેશાં લાલ આંખ કરતું આવ્યું છે. ત્યારે મહેસાણાના કડી અને અમદાવાદ કનેક્શન ધરાવતા એક ચોંકાવનારા કિસ્સામાં વધુ એક મોટો ખુલાસો થયો છે. પોતાની અસલી ઓળખ છુપાવી, હિન્દુ નામ 'આદિત્ય' ધારણ કરીને મહિલાઓનું શારીરિક અને માનસિક શોષણ કરનારા શાતિર ગુનેગાર કરીમ સિપાઈ સામે વધુ એક ગંભીર ગુનાની એફઆઈઆર (FIR) નોંધાતા કાયદાનો સકંજો વધુ મજબૂત બન્યો છે.

કપટનો ખેલ: કરીમ કેવી રીતે બન્યો 'આદિત્ય'?

પ્રાથમિક વિગતો મુજબ, આરોપી કરીમ સિપાઈ સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા મહિલાઓનો સંપર્ક કરતો હતો. પોતાની મુસ્લિમ ઓળખ છુપાવીને તે પોતાનું નામ 'આદિત્ય' બતાવતો અને



મહિલાઓનો વિશ્વાસ જીતી લેતો હતો. પ્રેમ અને સંબંધોની જાળ બિછાવીને તેણે અત્યાર સુધી અનેક મહિલાઓનું આર્થિક અને શારીરિક શોષણ કર્યું હોવાની વિગતો બહાર આવી છે. અગાઉ તેની સામે એક ગુનો નોંધાઈ ચૂક્યો હતો, ત્યાં જ હવે બીજી પીડિત મહિલાએ હિંમત દાખવીને તેની સામે કડી પોલીસ મથકે બીજી ફરિયાદ ઠોકી દીધી છે.

સમગ્ર પંથકમાં ભભૂકતો આક્રોશ, પોલીસે તપાસ તેજ કરી

આ ઘટના સામે આવ્યા બાદ કડી, મહેસાણા અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. દીકરીઓ અને મહિલાઓની સુરક્ષા સાથે રમત રમતા આવા નરાધમોને કડક સજા થાય તેવી લોક માંગ ઉઠી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસે આ મામલે સઘન તપાસ શરૂ કરી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે 'પાક્કો ગુજરાત'ના આ અહેવાલ બાદ પોલીસ આ 'બહુરૂપી' કરીમ સિપાઈ સામે કેવા આકરા કાનૂની પગલાં ભરે છે જેથી ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરી શકે!

## ખેડા LCBનો મોટો સપાટો

# લેન્ડ ગ્રેબિંગના 3 ગુનાઓમાં નાસતો ફરતો શાતિર આરોપી બળદેવ વાઘેલા ઝડપાયો

નડીયાદ

ખેડા-નડીયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસને જમીન માફિયાઓ સામેની ઝુંબેશમાં એક મોટી સફળતા મળી છે. વડતાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લેન્ડ ગ્રેબિંગ (જમીન પચાવી પાડવાના) અલગ-અલગ ત્રણ ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતો ફરતો વોન્ટેડ આરોપી આખરે પોલીસના સિકંજામાં આવી ગયો છે.

મળતી માહિતી મુજબ, ભૂમેલના ઈચ્છાપુરા (ભરૂભાઈનો કુવો) પાસે રહેતો આરોપી બળદેવ ઉર્ફે કિશન રાજેશભાઈ ઉર્ફે રાજુ સોમાભાઈ વાઘેલા કાયદાના હાથથી બચવા માટે નાસતો ફરતો હતો. તેની સામે વડતાલ પોલીસ મથકે જમીન હડપી લેવાના ત્રણ જુદા-જુદા કેસ નોંધાયેલા હતા, જેમાં પોલીસ તેની સઘન શોધખોળ કરી રહી હતી.

ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે વોચ ગોઠવીને આ આરોપીને ઝડપી પાડ્યો છે. જમીન પચાવી પાડતા તત્વો સામે લાલ આંખ કરતી પોલીસની આ કામગીરીથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલ પોલીસે આરોપીની અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાડી પર મોરબી શહેર ભાજપ મંત્રીનું બોર્ડ મારતાં જ વન વિભાગ એક્શનમાં

# ગીરના જંગલમાં સત્તાનો નશો? નંબર પ્લેટ વગરની થાર ગાડીમાં ગેરકાયદે સિંહદર્શનનો પર્દાફાશ : તટસ્થ તપાસની ઉગ્ર માંગ ઉઠી!

ગીર સોમનાથ

સિંહના સંરક્ષણ માટે જાણીતા અને કાયદાથી રક્ષિત ગીરના જંગલમાંથી વધુ એક ચોંકાવનારો અને સત્તાના દુરુપયોગનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગીરમાં ગેરકાયદેસર રીતે સિંહદર્શન (લાયન શો) કરવાના મામલે વન વિભાગે એક મોટો સપાટો બોલાવ્યો છે, જેમાં એક શંકાસ્પદ 'થાર' ગાડી જપ્ત કરવામાં આવી છે. આ સમગ્ર મામલામાં ત્યારે મોટો વળાંક આવ્યો જ્યારે જપ્ત કરાયેલી નંબર પ્લેટ વિનાની આ લક્ઝુરિયસ ગાડી પર 'મોરબી શહેર ભાજપ મંત્રી'નું લખાણ ધરાવતું બોર્ડ જોવા મળ્યું! આ ખુલાસો થતાં જ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારાઓમાં ભારે ગરમાવો આવી ગયો છે. સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક માહિતી મુજબ, કાયદાના લીરેલીરા ઉડાડીને ગીરના પ્રતિબંધિત વિસ્તારમાં સિંહોની પજવણી અને ગેરકાયદેસર સિંહદર્શનનો ખેલ ખેલાઈ રહ્યો હતો. વન વિભાગની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ઘટનાસ્થળેથી આ મોંઘીદાટ થાર ગાડીને કાયદેસર રીતે જપ્ત કરી લીધી છે. નવાઈની વાત એ છે કે, ગાડી પર કોઈ નંબર પ્લેટ નહોતી, જેથી કાયદાકીય પકડમાંથી બચી શકાય, પરંતુ રોફ જમાવવા માટે તેના પર શાસક પક્ષના હોદ્દાનું બોર્ડ જરૂર મારેલું હતું.

આ હાઈપ્રોફાઈલ મામલો સામે આવ્યા બાદ હવે વન વિભાગની આકરી કસોટી થવાની છે. વન્યજીવ પ્રેમીઓ અને સામાન્ય જનતામાં એ વાતને લઈને ભારે આક્રોશ છે કે ગીરના રાજા સિંહો કોઈના મનોરંજનનું સાધન નથી. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, રાજકીય વગ ધરાવતા લોકો સામે વન વિભાગ કોઈ પણ પ્રકારના દબાણમાં આવ્યા વગર તટસ્થ અને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરનારી તપાસ કરે. હવે જોવાનું એ રહેશે કે 'પાક્કો ગુજરાત'ના આ ધારદાર અહેવાલ બાદ તંત્ર આ કથિત નેતાઓ કે સત્તાધીશો સામે આકરા કાયદાકીય પગલાં ભરે છે કે પછી મામલાને રફેદફે કરી દેવામાં આવે છે!

સીધી પાણી સપ્લાય લાઇનમાંથી અનધિકૃત જોડાણો મળતા નગરપાલિકા હરકતમાં

# ઝાલોદમાં 'ભૂતિયા' પાણી કનેક્શનોનો પર્દાફાશ? પાલિકાની તપાસમાં ગેરકાયદેસર જોડાણો સામે આવ્યા

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા અને પૂરતા દબાણ સાથે પાણી ન મળવાની ફરિયાદો સતત ઉઠી રહી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ નગરપાલિકાની ટીમ દ્વારા પાણી પુરવઠા વ્યવસ્થાની તપાસ હાથ ધરવામાં આવતા કેટલીક જગ્યાએ પાણીની મુખ્ય સપ્લાય લાઈન સાથે ગેરકાયદેસર રીતે સીધા જોડાયેલા કથિત "ભૂતિયા" પાણી કનેક્શનો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ, નગરપાલિકા દ્વારા મંજૂર કરાયેલા નિયમિત પાણી કનેક્શનો સિવાય કેટલાક સ્થળોએ મુખ્ય પાણી લાઈનમાંથી સીધું અનધિકૃત જોડાણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેના કારણે અન્ય વિસ્તારોમાં પાણીનું દબાણ ઘટતું હોવાની અને પાણી પુરવઠો પ્રભાવિત થતો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. શ્યામ વિહાર, પુષ્પકુંજ, હનુમાનનગર, પોલીસ લાઈન, સરકારી વસાહત, સર્વોદય વિસ્તાર, ઠક્કર બાપા નગર તથા નંદનવન સોસાયટી સહિતના વિસ્તારોમાં રોજબરોજ સર્જાતી પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખી પાલિકા દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલાક શંકાસ્પદ અને અનધિકૃત પાણી જોડાણો નજરે પડતા સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. આ અનધિકૃત પાણી કનેક્શનો કોના દ્વારા અને કઈ મંજૂરીના આધારે આપવામાં આવ્યા તે હવે તપાસનો મુખ્ય વિષય બન્યો છે. નગરજનોમાં પણ ચર્ચા છે કે શું કોઈ જવાબદાર વ્યક્તિની જાણકારી અથવા સહકારથી આવા જોડાણો આપવામાં આવ્યા હતા કે પછી કેટલાક લોકોએ સ્વયંભૂ રીતે ગેરકાયદેસર રીતે પાણીની લાઈનમાં જોડાણ મેળવી લીધું હતું. પાલિકાના રેકોર્ડ મુજબ આ કથિત ગેરકાયદેસર કનેક્શનો ધરાવતા ગ્રાહકો પાણી વેરો ચૂકવે છે કે નહીં, તેમજ નગરપાલિકાને આવકનું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે કે નહીં તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. જો ગેરકાયદેસર કનેક્શનો દ્વારા નિયમિત પાણીનો ઉપયોગ કરવામાં આવતો હોય અને તેના બદલામાં કોઈ વેરો કે ચાર્જ ચૂકવવામાં આવ્યો ન હોય તો તે નગરપાલિકાની આવક સામેની સંભવિત ચોરી ગણાઈ શકે છે. જોકે આ બાબતનો અંતિમ નિર્ણય સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. નગરપાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ તપાસમાં જે લોકો ગેરકાયદેસર રીતે પાણીના જોડાણો મેળવતા હોવાનું સામે આવશે તેમની સામે સંબંધિત નિયમો અને કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**અનેક વિસ્તારોમાં પાણીની અછત પાછળ ગેરકાયદેસર કનેક્શનો જવાબદાર હોવાની શંકા**



સમયસર દંડ નહીં ભરો તો 'વાહન પોર્ટલ' પર ગાડી થઈ જશે બ્લોક!

# હવે ટ્રાફિક નિયમો તોડ્યા તો ખેર નથી : વર્ષમાં 5થી વધુ ઈ-ચલણ ફાટ્યા તો લાઈસન્સ સીધું સસ્પેન્ડ...!

ગાંધીનગર

જો તમે પણ એવા વાહનચાલકોમાંથી એક છો જેઓ ટ્રાફિક નિયમોને રમત સમજે છે અને ગમે ત્યાં સિગ્નલ તોડીને કે ઓવરસ્પીડમાં નીકળી જાય છે, તો હવે સુધરી જજો! કારણ કે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા શિસ્તહીન વાહનચાલકોને નાથવા માટે સરકારે અત્યાર સુધીના સૌથી કડક અને આકરા નિયમો અમલમાં મૂકી દીધા છે. નવા કાયદા મુજબ, જો એક જ વર્ષમાં તમારા નામે ૫ કે તેથી વધુ વખત ઈ-ચલણ (મેમો) ફાટશે, તો તમારું ડ્રાઈવિંગ લાઈસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવશે!

સરકારના આ નવા ડિજિટલ પ્રહાર વચ્ચે વાહનચાલકોને એક રાહત પણ આપવામાં આવી છે. જો તમને લાગે છે કે કોઈ ઈ-ચલણ ખોટી રીતે ફાટ્યું છે અથવા તો ટેકનિકલ ખામીના કારણે આવ્યું છે, તો તેની સામે ફરિયાદ કે સત્તાવાર રજૂઆત કરવા માટે ૪૫ દિવસનો સમય મળશે. પરંતુ જો આ સમયગાળામાં યોગ્ય ખુલાસો કે રજૂઆત નહીં કરવામાં આવે, તો ચલણને આખરી માની લેવામાં આવશે અને નિયમ મુજબ સીધી કાર્યવાહી થશે.




નવા નિયમો એટલા કડક છે કે જો કોઈ વાહનચાલક સમયસર પોતાના ઈ-ચલણનો દંડ નહીં ભરે, તો તે વાહનને સરકારી 'વાહન પોર્ટલ' પર કાયમી ધોરણે બ્લોક કરી દેવામાં આવશે. વાહન બ્લોક થવાનો સીધો મતલબ એ છે કે તમે એ ગાડીને ભવિષ્યમાં વેચી નહીં શકો, તેના પર લોન નહીં લઈ શકો કે નવું વીમો કે ફિટનેસ સર્ટિફિકેટ પણ કઢાવી શકશો નહીં.

'પાક્કો ગુજરાત' તમામ વાહનચાલકોને અપીલ કરે છે કે દંડ અને કાયદાકીય લફરાંથી બચવા માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરો. હવે જોવાનું એ રહેશે કે સરકારના આ ડિજિટલ સપાટા બાદ ગુજરાતના રસ્તાઓ પર રોફ જમાવતા વાહનચાલકો સુધરે છે કે પછી પોતાના લાઈસન્સ ગુમાવે છે!

ગોંડલના કમરકોટડામાંથી

# હદપારીના હુકમનો ભંગ કરતો પ્રોહિબિશનનો રીઢો ગુનેગાર નીતિન સાકરીયા SOGના સકંજામાં

ગોંડલ

જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતા અને હદપારીના હુકમનો ભંગ કરતા ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે એસ.ઓ.જી. શાખાની ટીમ સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસ કર્મચારી રણજીતભાઈ ધાંધલ અને વિપુલભાઈ ગોહિલને સંયુક્ત રાહે ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે ગોંડલ તાલુકાના કમરકોટડા ગામની સીમમાં આવેલી વાડીમાં એક તડીપાર ઈસમ હાજર છે. આ ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે તાત્કાલિક સ્થળ પર રેડ પાડીને આરોપી નીતિનભાઈ કાળુભાઈ સાકરીયા (ઉંમર વર્ષ ૩૦, રહે. કમરકોટડા, તા. ગોંડલ) ને દબોચી લીધો હતો.

પોલીસ રેકોર્ડ મુજબ, આરોપી નીતિન સાકરીયા પ્રોહિબિશન (દારૂબંધી)ની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો રીઢો ગુનેગાર છે, જેની સામે અગાઉ સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે ગોંડલ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા ગત તારીખ



૨૪/૦૪/૨૦૨૬ના રોજ હુકમ કરી આરોપીને ૩ મહિનાની મુદત માટે રાજકોટ શહેર-ગ્રામ્ય, જામનગર તેમજ અમરેલી જિલ્લાની હદમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો.

આ હદપારીનો હુકમ અમલમાં હોવા છતાં, મજકુર આરોપી કોઈ પણ મંજૂરી વિના કમરકોટડા ગામની સીમમાં પોતાની વાડીએ હાજર રહી શરતોનો ભંગ કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. રણજીતભાઈ ધાંધલ અને વિપુલભાઈ ગોહિલની બાતમીના આધારે પોલીસે આ સફળ કામગીરી કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

22 વર્ષીય પરિણીતાએ પરિવારને ફોન કર્યો- 'મેં ઝેર પીધું'

# સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ઉમિયાધામ મંદિર નજીક એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી

સુરત

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ઉમિયાધામ મંદિર નજીક એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભાવનગરથી પોતાની દોઢ વર્ષની માસૂમ દીકરીને સાથે લઈને સુરત આવેલી ૨૨ વર્ષીય પરિણીતાએ ઝેરી દવા ગટગટાવીને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. આત્મહત્યા કરતાં પહેલાં પરિણીતાએ પોતાના પરિવારને ફોન કરીને જણાવ્યું હતું કે, 'મેં ઝેર પી લીધું છે.' આ સાંભળતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જોકે, પરિવાર સુરત પહોંચે તે પહેલાં જ પરિણીતાનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૃતક યુવતીના લગ્ન આશરે ૩ વર્ષ પહેલાં જ તેની પસંદગીના યુવક સાથે પ્રેમલગ્ન રૂપે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને



ત્યાં એક સુંદર દીકરીનો જન્મ થયો જે હાલ દોઢ વર્ષની છે. બધું જ બરાબર ચાલી રહ્યું હતું, પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. થોડા સમય પહેલાં જ પરિણીતાના પતિનું અકાળે અવસાન થયું હતું. પતિના નિધનના કારણે યુવતી ઊંડા આઘાતમાં સરી પડી હતી અને માનસિક રીતે ભાંગી પડી હતી. પતિના મોત બાદ એકલતા અને આઘાત સહન ન કરી શકતા, પરિણીતા પોતાની દોઢ વર્ષની બાળકીને લઈને ભાવનગરથી સુરત આવી પહોંચી હતી. સુરતના કપિદ્રા સોસાયટી અને ઉમિયાધામ મંદિર પાસેના વિસ્તારમાં અગમ્ય કારણોસર તેણે ઝેરી દવા પી લીધી હતી. ઝેર પીધા બાદ તેણે તુરંત જ ભાવનગર રહેતા પોતાના પરિવારને ફોન પર આ અંગેની જાણ કરી હતી. પરિવારે તાત્કાલિક સુરતમાં રહેતા પરિચિતો અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનીક લોકો અને પોલીસ મદદ માટે દોડી ગયા હતા અને યુવતીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. સદનસીબે દોઢ વર્ષની બાળકી સુરક્ષિત છે, પરંતુ પિતા બાદ હવે માતાની છત્રછાયા પણ ગુમાવી દેતા આ માસૂમ બાળકી તદ્દન અનાથ બની ગઈ છે.

અંબાજીમાં શક્તિકોરિડોર કાર્ય

# ભારે વાહનો પર પ્રતિબંધ : 25 મે 2026થી 28 ફેબ્રુઆરી 2027 સુધી ડાયવર્ઝન રહેશે

અંબાજી

યાત્રાધામ અંબાજીમાં શક્તિકોરિડોરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન મુખ્ય માર્ગો પર ખોદકામ થતું હોવાથી ટ્રાફિક વ્યવસ્થા જાળવવા, કામગીરીમાં અવરોધ ન આવે અને અકસ્માતો ટાળવા માટે બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા અંતર્ગત અંબાજીના રસ્તાઓ પર ભારે વાહનો માટે પ્રતિબંધ અને ડાયવર્ઝન લાગુ પડશે. અંબાજી મંદિરના શક્તિદ્વારથી ગબ્બર સુધી નિર્માણ પામી રહેલો આ શક્તિકોરિડોર 1632 કરોડના ખર્ચે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને ગુજરાત સરકારના સહયોગથી અંબાજીની કાયાપલટ કરશે. જાહેરનામા મુજબ, ડી.કે. ત્રિવેદી સર્કલથી ગબ્બર સર્કલ સુધીના માર્ગ પર 12 મીટરથી વધુ લંબાઈ ધરાવતા અને બે કે તેથી વધુ એક્સલવાળા ભારે વાહનો (HGV) તેમજ 15 મીટરથી વધુ લંબાઈના આર્ટીક્યુલેટેડ વાહનો પર પ્રતિબંધ રહેશે. આ પ્રતિબંધ 25 મે, 2026 થી 28 ફેબ્રુઆરી, 2027 દરમિયાન સવારે 7:00 વાગ્યાથી રાત્રે 10:00 વાગ્યા સુધી અમલમાં રહેશે. ભારે




વાહનો માટે વૈકલ્પિક રૂટ પણ સૂચવવામાં આવ્યા છે. આબુરોડથી અંબાજી તરફ આવતા ભારે વાહનોને આબુરોડથી સીધા પાલનપુર તરફ વાળવામાં આવશે. તેવી જ રીતે, હિંમતનગર તરફથી અંબાજી આવતા ભારે વાહનોને ડી.કે. ત્રિવેદી સર્કલ (ખોડીવલી) થી દાંતા થઈને પાલનપુર તરફ ડાયવર્ટ કરવાના રહેશે. ખાસ કરીને ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન અતિશય ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે એક વિશેષ વૈકલ્પિક માર્ગ નક્કી કરાયો છે. મેળા દરમિયાન ભારે વાહનોને હડાદ પોશીના (સાબરકાંઠા) દાણબોરા (રાજસ્થાન) નીચલાગઢ (રાજસ્થાન) - આબુરોડ વાળા રૂટ પર ડાયવર્ટ કરવામાં આવશે.

વાડી માલિક સહિત બે અંધારાનો લાભ લઈને ફરાર, 2.84 લાખનો મુદ્દામાલ જપ્ત

# જેતપુરના રૂપાવટી ગામે વાડીની સીમમાં ચાલતી ટોકનવાળી જુગારની ક્લબ પર દરોડો

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુરના રૂપાવટી ગામની સીમમાં આવેલી મણીલાલ મુગરાની વાડીમાં ચાલતા જુગારધામ પર જેતપુર તાલુકા પોલીસે દરોડો પાડી સાત આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે બે આરોપીઓ નાસી છૂટ્યા છે. આ દરોડા દરમિયાન પોલીસને આશ્ચર્ય પમાડે તેવી બાબત એ સામે આવી છે કે જુગારધામમાં પૈસાની સીધી લેવડદેવડ કરવાના બદલે અને હિસાબ કિતાબ સહેલો રાખવા માટે પ્લાસ્ટિકના જુદા જુદા કલરના ૧૧૦ નંગ ટોકનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. પોલીસે રોકડા રૂપિયા ૧,૫૪,૦૦૦/-, ગંજીપત્તાના પાના અને ૧,૩૦,૦૦૦/- ની કિંમતના ૦૪ નંગ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨,૮૪,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં આ પ્લાસ્ટિકના ટોકન પણ કબજે લેવાયા છે. જુગાર રમવા માટે રોકડી રકમના બદલે



આવા ટોકનનો ઉપયોગ પોલીસની નજરમાંથી બચવા અને હિસાબો ગુપ્ત રાખવા માટે થતો હોવાનું બનાઈ રહ્યું છે.

આ જુગારના અખાડામાંથી પોલીસે (૧) રાહુલભાઈ મગનભાઈ ચાવડા (ઉ.વ.૩૨, રહે. સામાકાંઠા, જેતપુર), (૨) પ્રોજેશ શાંતીગીરી મેઘનાથી (ઉ.વ.૩૦, રહે. ભોજાધાર, જેતપુર), (૩) પ્રવિણભાઈ ભીમજીભાઈ ચાવડા (ઉ.વ.૩૯, રહે. ડેડરવા ગામ, તા.જેતપુર), (૪) વિપુલભાઈ ગોરધનભાઈ કારેણા (ઉ.વ.૪૨, રહે. રૂપાવટી ગામ, તા.જેતપુર), (૫) વનરાજભાઈ જીલુભાઈ વાળા (ઉ.વ.૪૨, રહે. સામાકાંઠા, જેતપુર), (૬) ચીમનભાઈ ગોરધનભાઈ મકાણી (ઉ.વ.૫૨, રહે. રૂપાવટી ગામ, તા.જેતપુર) અને (૭) રઘુભાઈ અરજણભાઈ રામાણી (ઉ.વ.૫૫, રહે. ખંભાળીયા ગામ, તા.ભેંસાણ, જી.જુનાગઢ) ની ધરપકડ કરી છે. જ્યારે વાડી માલિક (૮) મણીલાલ ગોરધનભાઈ મુંગરા (રહે. રૂપાવટી) અને (૯) ભરતભાઈ ગુજરાતી (રહે. ભોજાધાર, જેતપુર) ને અટક કરવાના બાકી છે.

હોસ્પિટલ પરિસરમાં લુખ્ખા તત્વોનો જમાવડો

# સિવિલ હોસ્પિટલમાં અસામાજિક તત્વોનો ભારે આતંક: દર્દીઓ અને તબીબો ભયના ઓથાર હેઠળ!

ગાંધીનગર

જ્યાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ સાજા થવાની આશાએ આવે છે, તે સિવિલ હોસ્પિટલ હાલમાં અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. હોસ્પિટલ પરિસરમાં અસામાજિક અને લુખ્ખા તત્વો દ્વારા મચાવવામાં આવતા આતંકના કારણે દર્દીઓ, તેમના સગાં-સંબંધીઓ સહિત ફરજ પરના તબીબો અને નર્સિંગ સ્ટાફ ભારે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. વારંવાર બનતી મારામારી અને તોડફોડની ઘટનાઓએ હોસ્પિટલ તંત્ર અને સ્થાનીક પોલીસની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાવી દીધા છે.

મળતી માહિતી મુજબ, હોસ્પિટલના ટ્રોમા સેન્ટર (Emergency Ward) અને ઓપીડી (OPD) વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ સૌથી વધુ જોવા મળી રહ્યો છે. ઘણીવાર દારૂના નશામાં ધૂત થઈને અથવા કોઈ અદાવતમાં અંદરોઅંદર લડીને સિવિલમાં સારવાર માટે આવતા તત્વો ત્યાં હાજર ડૉક્ટરો પર જલ્દી સારવાર કરવા માટે દબાણ કરે છે. જો તબીબી સ્ટાફ નિયમ મુજબ કામ કરે, તો તેમની સાથે ગાળાગાળી કરવામા આવે છે, જાનથી મારી નાખવાની ધમકી અપાય છે અને કેટલીકવાર તો ફરજ પરના તબીબો પર જીવલેણ હુમલા પણ કરવામાં આવ્યા છે. આ ગુંડાગીરીના કારણે અવારનવાર તબીબોને હડતાલ પર ઉતરવાની ફરજ પડે છે, જેની સીધી અસર ગરીબ દર્દીઓની સારવાર પર થાય છે.

સિવિલ હોસ્પિટલના વિશાળ કેમ્પસમાં રાત્રિના સમયે અંધારાનો લાભ લઈને અસામાજિક તત્વો ચોરી, લૂંટફાટ અને છેડતી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપે છે. દૂર-દૂરના ગામડાઓમાંથી આવેલા ગરીબ દર્દીઓના સગાંઓ જેઓ વરંડામાં કે ખુલ્લામાં સૂતા હોય છે, તેમના મોબાઈલ, રોકડા રૂપિયા અને કિંમતી સામાનની ચોરી થવી અહીં રોજની વાત બની ગઈ છે. મહિલા દર્દીઓ અને મહિલા સ્ટાફની સુરક્ષા સામે પણ મોટો ખતરો ઊભો થયો છે. હોસ્પિટલની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલા ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સ આ અસામાજિક તત્વો સામે તદ્દન લાચાર નજરે પડે છે. ગાર્ડ્સ પાસે કોઈ હથિયાર કે સત્તા ન હોવાને કારણે જ્યારે પણ મોટો હંગામો થાય છે, ત્યારે તેઓ પણ જીવ બચાવવા એકબાજુ ખસી જાય છે.

# 'મોદીજીનો નારો હતો ઘર-ઘર શૌચાલય, 15 દિવસથી અહીં કોઈ ડોકાતું નથી!' : તંત્રની ઘોર બેદરકારી સામે ભભૂકતો આક્રોશ

સુરત

સ્માર્ટ સિટી સુરતમાંથી ડિજિટલ ઈન્ડિયા અને સ્વચ્છ ભારત મિશનના લીરેલીરા ઉડાડતા શરમજનક દ્રશ્યો સામે આવ્યા છે. સુરતમાં થયેલા વિવાદાસ્પદ 'ભૂતિયા ડિમોલિશન' બાદ પીડિત પરિવારોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. છેલ્લા ૧૫ દિવસથી ઘરવિહોણા બનેલા લોકો, ખાસ કરીને મહિલાઓ અને માસૂમ બાળકો ખુલ્લામાં શૌચ જવા માટે મજબૂર બન્યા છે, જેના કારણે સ્થાનિક તંત્રની સંવેદનશીલતા સામે મોટા સવાલો ઊભા થયા છે. ડિમોલિશનના કરુણ દ્રશ્યો વચ્ચે ન્યાય માટે ભટકી રહેલી પીડિત મહિલાઓએ ભારે રોષ સાથે જણાવ્યું હતું કે, 'દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો નારો હતો કે 'ઘર-ઘર શૌચાલય', પણ અહીં સુરત કોર્પોરેશનના પાપે અમારું બધું જ છીનવાઈ ગયું છે. છેલ્લા ૧૫ દિવસથી અમારી પીડા જોવા અહીં કોઈ સરકારી અધિકારી ડોકાયું સુધ્ધાં નથી. આવી કડકડતી ઠંડી અને ખુલ્લા આકાશ નીચે મહિલાઓએ શરમજનક સ્થિતિમાં મુકાવું પડી રહ્યું છે.' ભૂતિયા ડિમોલિશનનો ભોગ બનેલા આક્રોશિત સ્થાનિકોએ મીડિયા સમક્ષ ન્યાયની ગુહાર લગાવતા તંત્ર પાસે તાત્કાલિક ધોરણે પીવાના પાણી અને મોબાઈલ ટોઈલેટ (ચલિત શૌચાલય)ની વ્યવસ્થા કરવાની ઉગ્ર માંગ કરી છે.

# પહેલી નજરના પ્રેમનો કરૂણ અંત: પ્રિન્સિપાલે જ શિક્ષિકા પત્નીને પથ્થરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી, પેટ્રોલ છાંટી લાશ સળગાવી

## શરીર પરના ઉઝરડા અને મોબાઈલ લોકેશને ખોલી દીધો હત્યારા પતિનો ભાંડો: ક્રૂર હત્યાકાંડથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર

ગાંધીનગર

પ્રેમલગ્નના પવિત્ર સંબંધને કલંકિત કરતો એક અત્યંત સનસનાટીભર્યો અને ક્રૂર હત્યાકાંડ ગુજરાતમાં સામે આવ્યો છે. જેમાં એક સ્કૂલના પ્રિન્સિપાલે જ પોતાની શિક્ષિકા પત્નીની પથ્થરના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. એટલું જ નહીં, પાપ છુપાવવા માટે હત્યારા પતિએ પત્નીની લાશ પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દીધી હતી. જોકે, કાયદાના લાંબા હાથથી તે બચી શક્યો નથી. પતિના શરીર પરના રહસ્યમય ઉઝરડા અને મોબાઈલ લોકેશને પોલીસ સમક્ષ આ સમગ્ર ભયાનક હત્યાકાંડનો ભાંડો ફોડી દીધો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક શિક્ષિકા અને પ્રિન્સિપાલ પતિ વચ્ચે થોડા સમય પહેલાં પહેલી નજરનો પ્રેમ થયો હતો અને ત્યારબાદ બંનેએ ધામધૂમથી પ્રેમલગ્ન કર્યા હતા. બંને શિક્ષણ જગત સાથે જોડાયેલા હોવા છતાં, છેલ્લા કેટલાક સમયથી તેમની વચ્ચે પારિવારિક બાબતોને લઈને ભારે ખટરાગ અને ઝઘડા ચાલી રહ્યા હતા. આ રોજબરોજના વિવાદનો અંત આટલો ભયાનક આવશે તેવું કોઈએ સપનામાં પણ વિચાર્યું ન હતું.

ઘટનાની વિગત એવી છે કે, પતિ પોતાની પત્નીને એક અવાવરૂ અને નિર્જન જગ્યાએ લઈ ગયો હતો. ત્યાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ગુસ્સા પરનો કાબૂ ગુમાવી ચૂકેલા પ્રિન્સિપાલ પતિએ ત્યાં પડેલા ભારે પથ્થરો પત્નીના માથા અને શરીર પર ઝીંકી દીધા હતા, જેના કારણે શિક્ષિકા પત્નીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઓળખ છુપાવવા અને પુરાવાનો નાશ કરવા માટે હત્યારાએ સાથે લાવેલું પેટ્રોલ લાશ પર છાંટીને તેને આગ ચાંપી દીધી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. શરૂઆતમાં પતિએ પોલીસને ગેરમાર્ગે દોરવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો અને આખી ઘટનાને અકસ્માત કે અજાણ્યા શખ્સોનું કૃત્ય ગણાવવાની કોશિશ કરી હતી. પરંતુ પોલીસની તીક્ષ્ણ નજરથી તે બચી શક્યો નહીં:

શરીર પરના ઉઝરડા: હત્યા દરમિયાન પત્નીએ કરેલા સ્વબચાવના કારણે પતિના શરીર પર નખ અને ઝપાઝપીના ઉઝરડા રહી ગયા હતા, જે પોલીસની નજરમાં આવી ગયા હતા.

મોબાઈલ લોકેશન: ટેકનિકલ સર્વેલન્સની મદદથી જ્યારે બંનેના મોબાઈલ લોકેશન ચેક કરવામાં આવ્યા, ત્યારે ઘટનાના સમયે બંને એક જ નિર્જન લોકેશન પર હોવાનું સ્પષ્ટ સાબિત થયું હતું.

# વસો પોલીસની રહેમનજર હેઠળ ચાલતા વિદેશી દારૂના વેપલા પર ખેડા-નડીયાદ LCBની ત્રાટક: પલાણાનો લિસ્ટેડ બુટલેગર 'ભોપો ઉર્ફે પિસ્તોલ' ઝડપાયો


ખેડા/નડીયાદ

ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી એક ચોંકાવનારી ઘટના ખેડા જિલ્લાના વસો પોલીસ સ્ટેશનની હદમાંથી સામે આવી છે. વસો પોલીસની રહેમનજર હેઠળ લાંબા સમયથી ધમધમતા વિદેશી દારૂના મોટા નેટવર્કનો ખેડા-નડીયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ પર્દાફાશ કર્યો છે. LCB પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને પલાણા ગામના કુખ્યાત લિસ્ટેડ બુટલેગર ભુપેશ ઉર્ફે ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો ઉર્ફે પિસ્તોલ કાંતિભાઈ પટેલના દારૂના કાળા કારોબાર પર ત્રાટકી મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સમગ્ર દરોડામાં સૌથી મોટો સવાલ વસો પોલીસની કામગીરી સામે ઊભો થયો છે. પલાણા ગામનો લિસ્ટેડ બુટલેગર 'ભોપો પિસ્તોલ' જાહેરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુની બિલકુલ સામે, કસ્બા રોડ રોહિતવાસ વિસ્તાર તરફ આવેલા એક ખેતરમાં વિદેશી દારૂનો વેપલો ચલાવી રહ્યો હતો. સ્થાનિક પોલીસ સ્ટેશનની નાક નીચે ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિથી વસો પોલીસ કેમ અજાણ હતી, તે બાબત હાલ ટોક ઓફ ધ ટાઉન બની છે અને પોલીસની મિલીભગત તરફ ઈશારો કરે છે. LCB પોલીસના જણાવ્યા અનુસાર, બુટલેગરે દારૂ છુપાવવા માટે અનોખો કીમિયો અપનાવ્યો હતો.

## તંત્રી લેખ...

# પ્રેમ હંમેશા સ્વભાવને અનુભવીને થાય છે! ચહેરો જોઈને તો ફક્ત પસંદગી થાય છે!!

આજના ડિજિટલ યુગમાં, જ્યાં સંબંધો માત્ર સોશિયલ મીડિયાના 'લાઈક્સ', 'ફિલ્ટર્સ' અને 'ડાબી-જમણી સ્લાઈડ' પર નિર્ભર થઈ ગયા છે, ત્યાં કોઈકે બહુ ગહન વાત કહી છે: 'પ્રેમ હંમેશા સ્વભાવને અનુભવીને થાય છે, ચહેરો જોઈને તો ફક્ત પસંદગી થાય છે!' આ બે પંક્તિઓ માત્ર શબ્દો નથી, પરંતુ આજના ખોવાઈ રહેલા સાચા સંબંધોનો અરીસો છે. માણસ તરીકે આપણે ઘણીવાર આકર્ષણ અને પ્રેમ વચ્ચેનો ભેદ ભૂલી જઈએ છીએ અને આ જ ભૂલ જીવનભરનો પસ્તાવો બની જાય છે.




આકર્ષણ અને પ્રેમ વચ્ચેનો પાતળો ભેદ

જ્યારે આપણે કોઈને પહેલીવાર જોઈએ છીએ, ત્યારે આપણી નજર તેના દેખાવ, તેના કપડાં અને તેના ચહેરાની સુંદરતા પર પડે છે. આ માનવ સહજ સ્વભાવ છે. રૂપાળો ચહેરો જોઈને મન લલચાય તેને 'પસંદગી' (Attraction) કહેવાય છે, 'પ્રેમ' (Love) નહીં. ચહેરો જોઈને આપણે કોઈ વસ્તુ કે વ્યક્તિને આપણા જીવનમાં સ્થાન આપવાનું વિચારી શકીએ છીએ, પરંતુ તેની સાથે આખું જીવન વિતાવી શકીએ કે નહીં, તેનો આધાર તેના સ્વભાવ પર રહેલો છે.

રૂપ જોઈને થયેલી પસંદગી સમય જતાં કરમાઈ શકે છે, કારણ કે ઉંમરની સાથે ચહેરાની ચમક ઘટવાની જ છે. પરંતુ જે વ્યક્તિના ગુણો અને સ્વભાવ સાથે પ્રેમ થાય છે, તે પ્રેમ સમયની સાથે વધુ ને વધુ ગાઢ બને છે.

સ્વભાવનો અનુભવ એટલે શું?

પ્રેમ કોઈ દેખાડવાની વસ્તુ નથી, તે અનુભવવાની લાગણી છે. સ્વભાવનો અનુભવ એટલે:

મુશ્કેલ સમયમાં એકબીજાનો સાથ આપવો.
અબોલા શબ્દોને પણ સમજી જવાની ક્ષમતા.
એકબીજાના સન્માન અને સ્વાભિમાનની રક્ષા કરવી.
ભૂલોને માફ કરીને સાથે આગળ વધવાની ભાવના.

ચહેરો ગમે તેટલો સુંદર હોય, પણ જો વાણીમાં મીઠાશ ન હોય, સ્વભાવમાં અહંકાર હોય અને વિચારોમાં કડવાશ હોય, તો એ સુંદરતા લોખંડની તિજોરીમાં બંધ રાખેલા પથ્થર જેવી બની જાય છે. તેનાથી વિપરિત, સામાન્ય દેખાવ ધરાવતી વ્યક્તિ જો માયાળુ, સમજદાર અને વફાદાર હોય, તો તેનું સાનિધ્ય ઘરને સ્વર્ગ બનાવી દે છે.

ઈતિહાસ અને સંસ્કૃતિ પણ આ જ શીખવે છે

આપણી ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ સાક્ષી છે કે સાચો પ્રેમ ક્યારેય ચામડીના રંગ કે ચહેરાના નૂરનો મહોતાજ રહ્યો નથી. મીરાંબાઈનો કૃષ્ણ પ્રેમ હોય કે રાધા-કૃષ્ણનો અદ્વૈત સંબંધ, ત્યાં શરીર ગૌણ હતું અને આત્મા મુખ્ય હતો. જ્યારે બે વ્યક્તિઓના સ્વભાવ, વિચારો અને સંસ્કારો એકબીજા સાથે ભળે છે, ત્યારે જ ત્યાં પ્રેમનો સાચો છોડ પાંગરે છે.

અંતમાં...

આજનો આ સુવિચાર આપણને એક ગંભીર સંદેશ આપે છે કે જીવનસાથી કે મિત્રની પસંદગી કરતી વખતે માત્ર બાહ્ય આવરણ જોઈને અંજાઈ ન જવું. ચહેરો એ માત્ર પુસ્તકનું 'કવર પેજ' છે, તેનાથી પુસ્તક કેવું છે તે ખબર નથી પડતી. પુસ્તક વાંચવા માટે તેના પાના ઉથલાવવા પડે, તેમ માણસને સમજવા માટે તેના સ્વભાવને અનુભવવો પડે. તેથી જ, પસંદગી ભલે આંખોથી થાય, પણ પ્રેમને હંમેશા હૃદય અને સ્વભાવના ત્રાજવે જ તોલવો જોઈએ, કારણ કે સુંદર ચહેરો નસીબથી મળી શકે છે, પણ સુંદર સ્વભાવ તો સંસ્કારથી જ મળે છે!

- ગ્રુપ એડિટર પવન માકન

# સમાજની બેવડી નીતિ પર સીધો પ્રહાર: વાઈફ સ્વેપિંગ જ કેમ, હસબન્ડ સ્વેપિંગ પણ કહી શકાય ને! પુરુષ બદલે તો સાહજિક અને સ્ત્રી બદલે તો સંસ્કૃતિ જોખમમાં?

ગુજરાત

હાલના દિવસોમાં ગુજરાતના સોશિયલ મીડિયાથી લઈને ડ્રોઈંગ રૂમ સુધી એક અત્યંત સંવેદનશીલ અને સળગતો વિષય ચર્ચાના કેન્દ્રમાં છે, અને તે છે 'વાઈફ સ્વેપિંગ' (પત્નીઓની અદલાબદલી). પરંતુ સવાલ એ થાય કે આખી ચર્ચામાં 'વાઈફ સ્વેપિંગ' શબ્દ જ કેમ? તેને 'હસબન્ડ સ્વેપિંગ' કેમ ન કહી શકાય? પુરુષપ્રધાન સમાજ વર્ષોથી પોતાની શારીરિક ભૂખ સંતોષવા માટે સ્ત્રી પાત્રો બદલતો આવ્યો છે અને સમાજ તેને સાહજિક ગણે છે. પણ આ જ સમાજને પેટમાં દુખાવો ત્યારે થાય છે, જ્યારે ઘરની સ્ત્રીઓ આ બાબતે પુરુષો બદલતી થઈ જાય!




### દુનિયાના કોઈ કાયદામાં માન્યતા નથી, પણ કન્સેન્ટનો ખેલ છે આ!

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો અક્ષય કુમાર અને બોબી દેઓલની ફિલ્મ 'અજનબી'માં જે બતાવાયું હતું, તે જ આ વાઈફ સ્વેપિંગ છે. કાયદાકીય રીતે દુનિયાના કોઈ પણ દેશમાં આ લીગલ નથી, પરંતુ જ્યાં પતિ-પત્ની બંનેની પરસ્પર મંજૂરી (કન્સેન્ટ) હોય, ત્યાં કોઈ ત્રીજો પક્ષ પીડિત ન હોવાથી પોલીસ કેસ થવો મુશ્કેલ બને છે. સીક્રેટ પાર્ટી, સ્પેશિયલ પાર્ટી, રેવ પાર્ટી કે સ્વેપિંગ પાર્ટી જેવા હાઈપ્રોફાઈલ નામો હેઠળ આજે પણ મેટ્રો સિટીઝમાં આ બધું ચાલતું હોવાની ચર્ચાઓ છે.

### બીજા વિશ્વયુદ્ધની 'ચેન પાર્ટી' અને કારની ચાવીઓનો કાળો ઈતિહાસ

પાર્ટનર સ્વેપિંગની શરૂઆત ક્યાંથી થઈ? ઈતિહાસના પાના ફેરવીએ તો ખબર પડે કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકન ફાઈટર પાયલટોએ એક રાતની 'ચેન પાર્ટી' શરૂ કરી હતી. યુદ્ધમાં મરવાનું નક્કી હોવાથી પાયલટો પોતાની કારની ચાવીઓ એક બોક્સમાં નાખતા, અને જે પાયલટના હાથમાં જે ચાવી આવે, તે રાત તે બીજા પાયલટની પત્ની સાથે વિતાવતો. આ વિકૃતિને કેટલાક લોકો આજે 'લાઈફમાં નવી ઉર્જા' લાવવાનું બહાનુ ગણાવે છે!

### ઈતિહાસ અને ધાર્મિક ગ્રંથો શું કહે છે?

'એક કરતાં વધુ પાર્ટનર રાખવું હંમેશાં પાપ હતું' એવું કહેવું ઐતિહાસિક રીતે તદ્દન ખોટું છે.

સનાતન પરંપરા: ધાર્મિક પુસ્તકો મુજબ શ્રીકૃષ્ણની ૮ મુખ્ય રાણીઓ (અષ્ટભાર્યા) અને ૧૬,૧૦૦ મુક્ત કરાયેલી સ્ત્રીઓનો પત્ની તરીકે સ્વીકાર હતો. રાજા દશરથને ૩ રાણીઓ હતી. અર્જુનને દ્રૌપદી, સુભદ્રા, ઉલૂપી અને ચિત્રાંગદા જેવી પત્નીઓ હતી. જ્યારે દ્રૌપદીને પાંચ પાંડવ ભાઈઓ સ્વરૂપે પાંચ પતિ હતા, જે બહુપતિત્વ (Polyandry)નું સૌથી મોટું ઉદાહરણ છે.

બાઈબલ અને ઈસ્લામ: બાઈબલ અનુસાર રાજા સોલોમન, ઈબ્રાહીમ અને યાકૂબ (જેકબ)ને પણ એકથી વધુ પત્નીઓ હોવાનો ઉલ્લેખ છે. જ્યારે ઈસ્લામમાં એક પુરુષને મહત્તમ ચાર પત્નીઓ રાખવાની છૂટ છે, પરંતુ શરત ન્યાય અને સમાન વ્યવહારની છે. જોકે, ત્યાં પણ સ્ત્રી માટે એકથી વધુ પતિ રાખવાની મનાઈ છે.

### આપણી સંસ્કૃતિ અને સભ્યતાના કથિત 100 વર્ષ!

આપણે આજે જે સંસ્કૃતિ અને સભ્યતાની મોટી-મોટી વાતો કરીએ છીએ, તેનો ઈતિહાસ માંડ ૧૦૦ વર્ષ જેટલો જ જૂનો છે. બાકી આપણા જ પ્રાચીન મંદિરોની દીવાલો પર બનેલી શિલ્પકૃતિઓ જુઓ, ત્યાં 'થ્રિસમ' અને 'ફોરસમ' જેવી શારીરિક ક્રિયાઓ ખુલ્લેઆમ કંડારેલી જોવા મળે છે. જો મંદિરોની દીવાલો પર આવું ચિત્રામણ એ જમાનામાં નોર્મલ હતું, તો વિચાર કરો કે તે સમયના સમાજમાં આ વ્યવસ્થા કેવી હશે?

### પાક્કો ગુજરાતનો આખરી પંચ:

આ બધી અંતે તો વ્યક્તિની અંગત લાઈફની વાતો છે. કોણે કોની સાથે અને કેવી રીતે જીવવું એ તેનો વ્યક્તિગત અધિકાર છે. પરંતુ સદીઓથી ચાલતી આવેલી આ માનસિકતા એ સાબિત કરે છે કે પૃથ્વીની ઉત્પત્તિથી લઈને આજદિન સુધી 'સેક્સ' માટે જે ખેલ ખેલાયા છે તે અકલ્પનીય છે અને આ લડાઈ પૃથ્વીના અંત સુધી આવી જ રીતે ચાલ્યા કરવાની છે!

# રામ મંદિરમાં ચોરી, પીએમ મોદી એક્શનમાં: RSS અને VHP વચ્ચે વર્ચસ્વની લડાઈ?

## 3 સ્તરે ખેલાયો સિસ્ટેમેટિક ખેલ, 50 કર્મચારીઓ રડારમાં, કોણ છે અસલી માસ્ટરમાઈન્ડ?

**અયોધ્યા રામ મંદિરમાં સિસ્ટેમેટિક ચોરીથી ખળભળાટ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુપર એક્શન મોડમાં, RSS અને VHPની વર્ચસ્વની લડાઈ વચ્ચે ઊભા થયા ગંભીર સવાલો!**



અયોધ્યા/ગુજરાત

દેશના કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. રામ મંદિરમાં કોઈ સામાન્ય ચોરી નહીં, પરંતુ ત્રણ અલગ-અલગ સ્તરે અત્યંત સિસ્ટેમેટિક અને આયોજનબદ્ધ રીતે મોટો ખેલ પાડવામાં આવ્યો હોવાનો પર્દાફાશ થયો છે. આ ઘટનાની ગંભીરતાને જોતા ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક્શનમાં આવ્યા છે અને પીએમઓ (PMO) દ્વારા આ મામલે સીધી નજર રાખવામાં આવી રહી છે. બીજી તરફ, આ ઘટનાના તાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) વચ્ચેના આંતરિક વર્ચસ્વની લડાઈ સાથે જોડાયેલા હોવાની આશંકાથી રાજકીય ગરમાવો આવી ગયો છે.

### અલગ-અલગ ત્રણ રીતે ખેલાયો સિસ્ટેમેટિક ખેલ

તપાસ એજન્સીઓના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રામ મંદિરમાં આ કૌભાંડ અથવા ચોરી કોઈ એક દિવસમાં નથી થઈ, પરંતુ તેને ત્રણ અલગ-અલગ રીતે અંજામ આપવામાં આવ્યો છે:

1. ડિજિટલ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં હેરાફેરી: મંદિરના દાન અને વીઆઈપી પાસ પ્રક્રિયામાં ટેકનિકલ લૂપહોલ્સનો ઉપયોગ કરાયો.

2. રોકડ દાનની અંદર સગેવગે: ગર્ભગૃહ અને દાનપેટીઓમાંથી આવતી રોકડ રકમના ચોક્કસ હિસ્સાને સિસ્ટમની બહાર જ ગાયબ કરવાનો ખેલ પડ્યો.

3. વહીવટી સ્તરે મિલીભગત: પાસ અને કિંમતી સામગ્રીના વિતરણમાં આંતરિક કક્ષાએ મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો.

### 50 થી વધુ કર્મચારીઓ રડારમાં, માસ્ટરમાઇન્ડ કોણ?

આ હાઈ-પ્રોફાઈલ કેસમાં હાલ મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્રના 50 થી વધુ નાના-મોટા કર્મચારીઓ સુરક્ષા અને તપાસ એજન્સીઓના રડારમાં આવી ગયા છે. આ તમામ શંકાસ્પદોની કડક પૂછપરછ ચાલી રહી છે અને તેમના બેંક એકાઉન્ટ્સ તેમજ મોબાઈલ ડિટેઈલ્સ ખંખેરવામાં આવી રહી છે. પરંતુ સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, રામ મંદિર જેવા દેશના સૌથી હાઈ-સિક્યોરિટી ઝોનમાં આટલી મોટી ચોરીનો અસલી 'માસ્ટરમાઈન્ડ' કોણ છે? કોના ઈશારે અને પ્રોટેક્શન હેઠળ આ આખો ખેલ આટલા સમયથી ચાલી રહ્યો હતો?

### RSS અને VHPના વર્ચસ્વ સામે સવાલો

રામ મંદિરના નિર્માણ અને વ્યવસ્થાપનમાં RSS અને VHP હંમેશા મોખરે રહ્યા છે.

પરંતુ આ ઘટના બહાર આવ્યા બાદ બંને સંગઠનો વચ્ચે મંદિરના વહીવટ પર વર્ચસ્વ જમાવવાની આંતરિક લડાઈ જાહેરમાં આવી ગઈ છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે શું આ આંતરિક ખેંચતાણ અને નબળા વહીવટના કારણે જ અસામાજિક તત્વો કે ભ્રષ્ટાચારીઓને આવો મોટો ખેલ પાડવાની તક મળી? પક્ષ અને સંગઠનના સ્તરે પણ આ મામલે ભારે અસંતોષ અને દોડધામ મચી ગઈ છે.

### પીએમ મોદી સુપર એક્શનમાં: કડક તપાસના આદેશ

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાને દેશની પ્રતિષ્ઠા અને કરોડો ભક્તોની આસ્થા સાથે જોડાયેલી ગણાવીને અત્યંત ગંભીરતાથી લીધી છે. પીએમ મોદીએ યુપી સરકાર અને કેન્દ્રીય એજન્સીઓને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે, પક્ષ, સંગઠન કે હોદ્દો જોયા વિના જે પણ વ્યક્તિ આમાં સંડોવાયેલી હોય તેની સામે કડકમાં કડક કાયદાકીય પગલાં ભરવામાં આવે. આગામી દિવસોમાં આ મામલે અયોધ્યાથી લઈને દિલ્હી સુધી મોટા માથાઓની ધરપકડ થાય તેવી પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે.

# ઇન્ડોનેશિયામાં 6.7 તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ : 55 આફ્ટર શોક્સ



પાલુ

મધ્ય ઈન્ડોનેશિયાનાં સુલાવેસી ટાપુનાં કેટલાક ભાગોમાં ૬.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. ઘરો અને ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન થયું છે. આઠ વર્ષ પહેલા આવેલા ભૂકંપ અને સુનામીથી તબાહ થયેલા શહેરનાં રહેવાસીઓ આજનાં ભૂકંપથી ફરી એક વખત ભયભીત થઈ ગયા હતાં.

શરૂઆતનો ભૂકંપ પાલુથી લગભગ ૪૩ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં આંતરિક રીતે કેન્દ્રિત હતો. યુએસ જીયોલોજીકલ સર્વે અનુસાર ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી નીચે હતું.

જોરદાર ધ્રુજારીને કારણે લોકો પાલુ અને તેની આસપાસનાં ખુલ્લા વિસ્તારોમાં દોડી ગયા હતાં. આ શહેરની વસ્તી ચાર લાખ છે અને તે મધ્ય સુલાવેસી પ્રાંતની રાજધાની છે.

સાવચેતીનાં પગલારૂપે કેટલીક હોસ્પિટલોએ દર્દીઓને પણ બહાર કાઢ્યા હતાં.

પ્રાથમિક અહેવાલ મુજબ શક્તિશાળી ભૂકંપને કારણે ૧૦૯ લોકો વિસ્થાપિત થયા છે અને ૩૨ લોકો ઘાયલ થયા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર વિસ્થાપિતો અને ઘાયલોની સંખ્યા વધી શકે છે.

૩૨ ઘાયલો પૈકી આઠની સ્થિતિ ગંભીર છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીનાં પ્રવક્તા અબ્દુલ મુહારીનાં જણાવ્યા અનુસાર ભૂકંપને કારણે બિલ્ડિંગો અને ઈન્ફ્રાસ્ટ્રકચરને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.

જેમાં ૬૪ ઘરો, ૪ ધાર્મિક સ્થળો, ૪ જાહેર સુવિધાઓ, બે પુલો, બે સરકારી ઓફિસ, એક કેફે અને એક હોટેલનો સમાવેશ થાય છે.

એજન્સીએ જણાવ્યું હતું કે સમગ્ર દિવસમાં ઓછામાં ઓછા ૫૫ આફ્ટર શોક્સ ચાલુ રહ્યાં હતાં. જેનાં કારણે પ્રદેશનાં લોકોને ૨૦૧૮નાં વિનાશક ભૂકંપનાં દ્રશ્યો યાદ આવી ગયા હતાં. આફ્ટર શોક્સને કારણે લોકો ખુલ્લી જગ્યામાં એકત્ર થયા હતાં.


# લેબનોનમાંથી ઇઝરાયેલની સેના હટશે પછી જ શાંતિ કરાર પૂરો થશે: ઇરાન

ઈરાનના ટોચના રાજદ્વારીએ મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથે યુદ્ધ અંત લાવવાનો શાંતિ કરાર ઈઝરાયેલ લેબનોનમાંથી તેનું લશ્કર પરત ખેંચે ત્યારે જ પૂરો થશે. ઈઝરાયેલે ઈરાનની આ વાત ફગાવી દીધી છે અને લેબનોન પર તેના હુમલા વધુ આક્રમક કર્યા છે અને છેક બૈરુત સુધી હુમલા કરવા માંડયું છે. તેના લીધે ફરીથી યુદ્ધ ફાટી નીકળવાની સંભાવનાઓ છે. અમેરિકા-ઈરાન વચ્ચે હજી સુધી જાહેરમાં ન મૂકાયેલા ડીલને અધિકારીઓ વિરોધાભાસી ધોરણે વ્યાખ્યાયિત કરે છે. ઈરાનના વિદેશપ્રધાન અરાઘાચીએ જણાવ્યું હતું કે દક્ષિણ લેબનોન પર ઈઝરાયેલનો કબ્જો આ ડીલનો ભંગ કરે છે. બીજી બીજુએ અમેરિકન અધિકારીનું કહેવું છે કે અમેરિકા-ઈરાન શાંતિ કરારમાં ઈઝરાયેલને લેબનોનમાંથી પરત ખેંચવાની વાત જ થઈ નથી. ઈઝરાયેલનો દાવો છે કે આ યુદ્ધ હજી ખતમ થયું નથી. આ દાવાને સમર્થન આપતા હોય તેમ દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલે કરેલા ચાર જુદાં-જુદાં હુમલામાં ચારના મોત થયા હતા. અમેરિકા-ઈરાન વચ્ચેના શાંતિ કરાર પછી પહેલી વખત પત્રકાર પરિષદ સંબોધતા ઈઝરાયેલના પીએમ નેતન્યાહુએ જણાવ્યું હતું કે સંઘર્ષ હજી પૂરો થયો નથી. તેમનું લશ્કર ગાઝા, લેબનોન અને સીરિયામાં જરૂર હશે ત્યાં સુધી રોકાશે. તેમણે ટ્રમ્પ સાથેના અણબનાવ અંગે પણ જવાબ આપ્યો. નેતન્યાહુએ જણાવ્યું હતું કે ઈરાન સાથે એવી કોઈ સમજૂતી નહી થાય જેથી ઈરાનને પરમાણુ શસ્ત્રો રાખવાની છૂટ મળે, નહીં આજે મળે કે નહીં ભવિષ્યમાં મળે. હું જ્યાં સુધી ઈઝરાયેલનો વડાપ્રધાન છું ત્યાં સુધી આવું નહીં થવા દઉં. નેતન્યાહુએ ઈઝરાયેલની પ્રજાને સંબોધતા જણાવ્યું હતું કે મારા અમેરિકન સહયોગીઓ સાથે મળીને અમે ઈઝરાયેલના ઈતિહાસનો સૌથી મોટો હુમલો કર્યો. અમે પરમાણુ વૈજ્ઞાનિકોને નિશાન બનાવ્યા. આતંકના આકાઓને ખતમ કર્યા. પરમાણુ ઠેકાણાઓ પર હુમલા કર્યા, મિસાઈલો અને મિસાઈલ બનાવવાની ક્ષમતાઓ ખતમ કરી. સૌથી મોટી સિદ્ધિ એ છે કે અમે ઈઝરાયેલ પર મંડરાતા પરમાણુ હુમલાના ભયને ખતમ કરી નાખ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈઝરાયેલે ગાઝા, લેબનોન, સીરિયા અને યમનમાં ઈરાન સમર્થિત સમૂહો પર હુમલા કર્યા છે. ઈઝરાયેલ હાલમાં લગભગ ૬૦૦ કિ.મી.ના પ્રદેશ પર અંકુશ ધરાવે છે. તેમણે ટ્રમ્પ સાથેના અણબનાવ અંગે જણાવ્યું હતું કે કેટલાક મુદ્દાઓ પર અમે સંમત હોઈએ છીએ એને કેટલાક પર નથી હોતા. ટ્રમ્પે પણ લેબનોનમાં ઈઝરાયેલની કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈઝરાયેલ લેબનોનમાં અત્યાર સુધીમાં ચાર હજાર લોકોને ખતમ કરી ચૂક્યુ છે અને ૧૨ લાખથી પણ વધુ લોકો લેબનોનમાં જ વિસ્થાપિત થઈ ચૂક્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તે ઈરાન સાથેનો કરાર અમેરિકન કોંગ્રેસમાં સમીક્ષા માટે મોકલવા તૈયાર છે.

# ભારતને યુ.એન.ની 'સલામતી-સમિતિ'માં કાયમી સભ્યપદ મળવું જ જોઈએ

નવી દિલ્હી

રાફેલ એમ. ગ્રોસી દુનિયામાં પરમાણુ ઉર્જા ઉપર નજર રાખનારી સંસ્થા આઈ.એ.ઈ.એ.ના ડાયરેકટર જનરલ પદે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રોના આગામી મહામંત્રી



પદ માટેના પ્રબળ દાવેદાર મનાઈ રહ્યા છે. તેઓએ એનડી ટીવીને આપેલી એક ખાસ મુલાકાતમાં સંયુક્ત રાષ્ટ્રોના કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને સમર્થન આપ્યું હતું.

૨૦૨૬ના અંતે વર્તમાન મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસ નિવૃત્ત થવાના છે. પછી તે પદની સ્પર્ધામાં ગ્રોસી મુખ્ય દાવેદાર માનવામાં આવે છે. તેઓએ આ મુલાકાતમાં તેવી પણ સ્પષ્ટતા કરી હતી કે, બીજા પણ કેટલાક દેશો 'કાયમી-સભ્યપદ' માટે યોગ્ય છે જ. પરંતુ તે બધા પૈકી ભારતનો દાવો સૌથી વધુ પ્રબળ છે.

ઉલ્લેખનીય છે કે ગ્રોસી આઈએઈએના મહામંત્રી તો છે જ પરંતુ એક ગ્લોબલ ડીપ્લોમેટ તરીકે તેઓ જાણીતા છે. તેઓએ અનેકવિધ ગંભીર વિવાદો (પરમાણુ ઉર્જા સંબંધી) ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેથી તેઓ દુનિયાના દેશોમાં એક બહુમાન્ય વ્યકિત બની રહ્યા છે. અત્યારે સંયુક્ત રાષ્ટ્રોમાં સુધારણા કરવા વિષે ચર્ચા ચાલે છે, તેવે સમયે રાફેલ એમ. ગ્રોસીનાં આ વિધાનોને મહત્વ અપાઈ રહ્યું છે. બીજી તરફ સંયુક્ત રાષ્ટ્રોમાં ભારતના કાયમી પ્રતિનિધિ પદે રહેલા હરીશ પર્વતનેનીએ સોમવારે સલામતી-સમિતિમાં સુધારણા કરવા મળેલી આંતરસરકારી પરિષદમાં પણ ભારતના કાયમી સભ્યપદ માટેનો દાવો ભારપૂર્વક રજૂ કર્યો હતો.



### આઝાદીના 78 વર્ષ બાદ પણ અંધારામાં જીવે છે ગામડાં!

# મીરાખેડી-કાળીગામના અનેક ફળિયાઓ વીજળી વિનાના, બાળકોનો વિકાસ અને ડિજિટલ ભવિષ્ય બંને અંધકારમાં..

**■ વિકાસના આંકડાઓમાં કદાચ આ પરિવારોનો સમાવેશ થઈ ગયો હશે, પરંતુ હકીકતમાં તેમના ઘરોમાં હજુ સુધી એક પણ બલ્બ પ્રગટ્યો નથી**

ઝાલોદ, પંકજ પંડિત

એક તરફ દેશ 'ડિજિટલ ઈન્ડિયા', 'સ્માર્ટ વિલેજ' અને આધુનિક વિકાસની વાતો કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લાના મીરાખેડી, કાળીગામ અને આસપાસના અનેક ફળિયાઓના પરિવારો આજે પણ વીજળી જેવી પાયાની સુવિધાથી વંચિત છે. આઝાદીના 78 વર્ષ પૂર્ણ થયા હોવા છતાં અનેક ઘરોમાં હજુ સુધી વીજળીનો પ્રકાશ પહોંચ્યો નથી, જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ અને નિરાશા જોવા મળી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અનેક વખત વીજ વિભાગ, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને સંબંધિત અધિકારીઓને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. પરિણામે 100થી વધુ પરિવારો આજે પણ અંધારામાં જીવન વિતાવવા મજબૂર બન્યા છે. આજના સમયમાં મોબાઈલ ફોન શિક્ષણ, માહિતી અને સરકારી સેવાઓ મેળવવાનું મહત્વનું સાધન બની ગયો છે. પરંતુ





વીજળીના અભાવે ગ્રામજનોને મોબાઈલ ચાર્જ કરવા માટે અન્ય ગામો અથવા ઓળખીતાઓના ઘરોનો સહારો લેવો પડે છે. જ્યારે સમગ્ર વિશ્વ ટેક્નોલોજી સાથે આગળ વધી રહ્યું છે ત્યારે આ વિસ્તારના લોકો હજુ પણ મૂળભૂત સુવિધા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

વીજળીના અભાવે વિદ્યાર્થીઓને રાત્રિના સમયે અભ્યાસ કરવામાં ભારે મુશ્કેલી પડે છે. પરીક્ષાની તૈયારી હોય કે ઓનલાઈન શિક્ષણની વાત, વીજળી વગર બાળકો અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં પાછળ રહી જાય છે. ડિજિટલ શિક્ષણના યુગમાં આ બાળકોને ઈન્ટરનેટ, ઓનલાઈન ક્લાસ અને ટેક્નોલોજીથી દૂર રહેવું પડે છે, જે તેમના સર્વાંગી વિકાસમાં અવરોધરૂપ બની રહ્યું છે.

અંધારામાં રસોઈ બનાવવી, બાળકો અને વૃદ્ધોની સંભાળ રાખવી તેમજ રાત્રિના સમયે જીવજંતુઓ અને ઝેરી પ્રાણીઓનો ભય - આ બધું ગ્રામજનોની રોજિંદી જિંદગીનો ભાગ બની ગયું છે. મહિલાઓને ખાસ કરીને સાંજ પછી વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ થોડા વર્ષો અગાઉ મીરાખેડી ખાતે મોડેલ સ્કૂલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્ત વિસ્તારથી માત્ર 500 મીટરના અંતરે આવેલી આ શાળામાં વીજળીની સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ નજીકમાં વસતા ગરીબ પરિવારોના ઘરો સુધી વીજ પુરવઠો પહોંચાડવામાં આવ્યો નથી. આ હકીકત વિકાસના દાવાઓ સામે અનેક સવાલો ઉભા કરી રહી છે. સરકાર દ્વારા દરેક ઘરમાં વીજળી પહોંચાડવાના દાવા કરવામાં આવે છે, પરંતુ મીરાખેડી અને કાળીગામના ફળિયાઓમાં આજે પણ અંધકાર છવાયેલો છે. વિકાસના આંકડાઓમાં કદાચ આ પરિવારોનો સમાવેશ થઈ ગયો હશે, પરંતુ હકીકતમાં તેમના ઘરોમાં હજુ સુધી એક પણ બલ્બ પ્રગટ્યો નથી. પ્રશ્ન એ છે કે વિકાસના મોટા મોટા દાવાઓ વચ્ચે શું આ પરિવારો હજુ પણ સરકારી તંત્રની નજરથી દૂર છે?

### અંબાજીમાં કાળજું કંપાવી દેતું કરોડોનું જમીન કૌભાંડ

# મૃતક મહિલાને કાગળ પર 'જીવતી' કરી કલેક્ટર કચેરીએ લવાઈ! અંગૂઠા મરાવી 15 લાખ બેંકમાંથી ઉપાડી પણ લીધા!

અંબાજી

યાત્રાધામ અંબાજીના ગબ્બરથી માંડ પોણા પાંચ કિલોમીટર દૂર હાઈવે ટચ કરોડો રૂપિયાની કિંમતી જમીન હડપ કરવા માટે ભૂમાફિયાઓએ જે ખેલ ખેલ્યો છે, તે સાંભળીને કાયદાના રક્ષકો પણ માથું ખંજવાળતા થઈ ગયા છે. પૈસાની ભૂખમાં અંધ બનેલા શાતિર કૌભાંડીઓએ એક મૃતક મહિલાને સરકારી કાગળો પર 'જીવતી' કરી નાખી! એટલું જ નહીં, સિસ્ટમની આંખમાં ધૂળ નાખીને આ નકલી મહિલાને સરિયામ કલેક્ટર ઓફિસે હાજર પણ કરી દીધી!




આ ગજબના અને ચોંકાવનારા કેસની વિગતો એવી છે કે, હાઈવે નજીકની કરોડોની જમીન પોતાના નામે કરવા માટે ભૂમાફિયાઓએ એક આખું નેટવર્ક ઊભું કર્યું હતું. જે મહિલા વર્ષો પહેલાં મૃત્યુ પામી ચૂકી છે, તેના નામે નકલી દસ્તાવેજો ઊભા કરાયા. હદ તો ત્યારે થઈ જ્યારે કલેક્ટર કચેરીની રજિસ્ટ્રાર ઓફિસમાં આ કથિત મહિલાને રૂબરૂ લાવીને જમીનના દસ્તાવેજ પર તેના અંગૂઠાના નિશાન પણ મરાવી લેવામાં આવ્યા. સરકારી બાબુઓ પણ આ હાઈપ્રોફાઈલ ખેલ ઓળખવામાં સદંતર નિષ્ફળ રહ્યા.

આ કાળા કારોબારનો સ્કોર અહીં જ પૂરો નથી થતો. જમીનની કથિત ખરીદી પેટે દેખાડવા માટે મૃતક મહિલાના નામે ખોલાવાયેલા નકલી બેંક ખાતામાં રૂપિયા ૧૫ લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. નવાઈની વાત એ છે કે, આ રકમ બેંકમાં જમા થતાંની સાથે જ કૌભાંડીઓએ પળવારમાં ઉપાડી પણ લીધી!


આ સનસનાટીભર્યા કૌભાંડનો પર્દાફાશ થયા બાદ હવે 'પાક્કો ગુજરાત' વહીવટી તંત્ર સામે સીધા સવાલો પૂછે છે કે, કલેક્ટર ઓફિસ જેવા સુરક્ષિત અને જવાબદાર સરકારી સ્થળે ઓળખની ખરાઈ કર્યા વગર જમીનની આવી મોટી મંજૂરીઓ કેવી રીતે આપી દેવાય છે? આ ખેલમાં કયા-કયા સરકારી બાબુઓની મિલીભગત છે? હવે જોવાનું એ રહેશે કે આ ગજબના કેસમાં તપાસની આંચ ક્યાં સુધી પહોંચે છે અને આ નકલી 'ભૂતો'ને જેલના સળિયા પાછળ ક્યારે ધકેલવામાં આવે છે!

# કોટડા સાંગાણીના સિસક ગામ પાસે ભાદર નદીના પટમાં ચાલતું ગેરકાયદે રેતી ખનન ઝડપાયું

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ખનીજ ચોરો સામે પોલીસે લાલ આંખ કરી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર ની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર ખનન અને વહનની પ્રવૃત્તિ નાબૂદ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ અંતર્ગત એસ.ઓ.જી. શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ જ્યારે કોટડા સાંગાણી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન હેડ.કોન્સ રણજીતસિંહ ધાંધલ અને વિપુલભાઈ ગોહિલને ખાનગી રાહે ચોક્કસ હકીકત મળી હતી કે, કોટડા સાંગાણી તાલુકાના સિસક ગામની સીમમાં આવેલ ભાદર નદીની બાજુમાં રેતીનું ગેરકાયદેસર ખનન તથા વહનની કામગીરી ચાલુ છે. આ હકીકતને આધારે ટીમ દ્વારા તાત્કાલિક દરોડો પાડી સફળ રેડ કરવામાં આવી હતી.



પોલીસે ઘટનાસ્થળેથી રેતીનું ગેરકાયદેસર ખનન અને વહન કરતા લીઝ ધારક આરોપી જનકભાઈ બાવાભાઈ ડવ (રહે. ગામ-સતાપર, તા. કોટડા સાંગાણી) ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી ગેરકાયદે ખનનમાં વપરાતા બે વાહનો કબજે કર્યા છે, જેમાં એક ટ્રેક્ટર અને એક એસ્કેવેટર નો સમાવેશ થાય છે.

### MGVCLની બેદરકારીથી જનસુવિધા અટવાઈ

# ઝાલોદમાં નવીન પાણીનો સંપ તૈયાર છતાં 27 દિવસથી વીજ કનેક્શન નહીં




ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરના વણકતલાઈ મંદિર નજીક નગરપાલિકા દ્વારા આજુબાજુના વિસ્તારોમાં નિયમિત અને પૂરતા પ્રેશર સાથે પીવાનું પાણી પહોંચાડવા માટે નવીન પાણીનો સંપ બનાવવામાં આવેલ છે. આ સંપ કાર્યરત થતાં અનેક વિસ્તારોમાં પાણી પુરવઠાની સમસ્યાનો ઉકેલ આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે વીજ કનેક્શનના અભાવે આ જનહિતની સુવિધા હજુ સુધી શરૂ થઈ શકી નથી. આ નવીન પાણીના સંપની મુલાકાતે દાહોદ જિલ્લાના સાંસદ પણ પહોંચ્યા હતા અને જનસુખાકારીના આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને તાત્કાલિક કાર્યરત કરવા સંબંધિત તંત્રને સૂચનાઓ આપી હતી. તેમ છતાં આજદિન સુધી સંપ શરૂ થઈ શક્યો નથી.

નગરપાલિકા દ્વારા 60 KV વીજ કનેક્શન માટે તા. 20-05-2026ના રોજ MGVCLમાં અરજી કરવામાં આવી હતી. પરંતુ અરજીના 27 દિવસ પૂર્ણ થવા છતાં વીજ કનેક્શન આપવામાં આવ્યું નથી. પરિણામે નાગરિકોના હિત માટે તૈયાર કરાયેલ સંપ ઉપયોગ વગર પડી રહ્યો છે. પાણી જેવી જીવનજરૂરી અને પ્રાથમિક સુવિધા માટેના પ્રોજેક્ટને પણ સમયસર વીજ કનેક્શન ન મળતા MGVCLની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અધિકારીઓ દ્વારા વારંવાર 'આજે-કાલે કનેક્શન આપી દેવામાં આવશે' જેવા મૌખિક આશ્વાસનો આપવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક કામગીરી હજુ સુધી પૂર્ણ થઈ નથી. ઉનાળાની કાળઝાળ ગરમી દરમિયાન પાણીની માંગમાં વધારો થયો છે. આવા સમયે નવીન પાણીનો સંપ શરૂ થઈ જાય તો અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો વધુ સુવ્યવસ્થિત અને પ્રેશર સાથે મળી શકે તેમ છે. છતાં માત્ર વીજ કનેક્શનના વિલંબને કારણે નાગરિકોને તેનો લાભ મળી રહ્યો નથી. જનસુવિધા માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ પાણીનો સંપ સમયસર કાર્યરત ન થવાથી નાગરિકોમાં અસંતોષ વ્યાપ્યો છે. પાણી જેવી પ્રાથમિક સુવિધા માટે પણ જો વીજ કનેક્શન મેળવવામાં અઠવાડિયાઓનો વિલંબ થાય તો તંત્રની કાર્યપદ્ધતિ સામે ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. નગરજનો દ્વારા MGVCLના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરી નવીન પાણીના સંપને વીજ કનેક્શન આપી જનહિતની આ મહત્વપૂર્ણ સુવિધા વહેલી તકે શરૂ કરાવવાની માંગ ઉઠી છે.

### એક તરફ દારૂના નશાનો આક્ષેપ તો બીજી તરફ હુમલાની ફરિયાદ

# લીમડીમાં પત્રકાર અને સરપંચ પક્ષ વચ્ચે વિવાદ ઉગ્ર બન્યો : સામસામે FIR નોંધાતા મામલો ચર્ચાનો વિષય

દાહોદ, ગોવિંદગુરૂ લીમડી

ગોવિંદગુરૂ લીમડી તાલુકાના લીમડી ગામમાં પત્રકાર અને ગ્રામ પંચાયતના સરપંચ પક્ષ વચ્ચેનો વિવાદ ઉગ્ર બનતા બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર લીમડી ગ્રામ પંચાયતના સરપંચના પતિ વિજયભાઈ પ્રેમચંદભાઈ મોરીએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે લીમડીના પત્રકાર હિતેશભાઈ હિરાલાલ પ્રજાપતી નશાની હાલતમાં નાયબ મામલતદાર સાથે ચર્ચા કર્યા બાદ તેમની પાસે આવ્યા હતા અને પોતે પત્રકાર હોવાની ઓળખ આપી સરપંચને સસ્પેન્ડ કરાવી દેવાની, પંચાયતની બોડી ભંગ કરાવી દેવાની તેમજ સમાચાર પ્રકાશિત કરીને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ધમકી આપી હતી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે પત્રકારે પૈસાની માંગણી કરી હતી અને ન આપવાની સ્થિતિમાં ગામમાં બદનામ કરવાની ચેલેન્જ આપી હતી.

ફરિયાદના આધારે પોલીસ દ્વારા પત્રકાર હિતેશ પ્રજાપતીને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પોલીસ સમક્ષ કરાયેલા પંચનામામાં તેઓ દારૂના નશામાં હોવાનું જણાતાં તેમની સામે પ્રોહિબિશન એક્ટની કલમ 85 અને 66(1)(બ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. બીજી તરફ પત્રકાર હિતેશકુમાર હિરાલાલ પ્રજાપતીએ નોંધાવેલી ફરિયાદમાં ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ તેઓ ગેરકાયદે ખનીજ ચોરીના મામલે કબ્જે કરાયેલા ડમ્પર અને ટ્રેક્ટર અંગે સમાચાર કવર કરવા મામલતદાર કચેરી પહોંચ્યા હતા. ત્યાંથી બહાર નીકળતી વખતે સરપંચના પતિ વિજયભાઈ મોરી, ઉપસરપંચ કુલદીપભાઈ મોરી, પારસ મોરી ઉર્ફે રાજુ આર.એલ. તથા પંકજભાઈ માળી સહિતના લોકોએ તેમને રોકી ગાળો આપી મારપીટ કરી હતી.

પત્રકારની ફરિયાદ મુજબ આરોપીઓએ તેમના શર્ટનો કોલર પકડી મુક્કા, લાતો અને ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનામાં ઈજાગ્રસ્ત બનેલા પત્રકારને પ્રથમ લીમડી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે દાહોદ જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

એક તરફ ગ્રામ પંચાયતના સરપંચ પક્ષ દ્વારા પત્રકાર સામે દારૂના નશામાં ધમકી અને દબાણ કરવાના આક્ષેપો કરવામાં આવ્યા છે, જ્યારે બીજી તરફ પત્રકારે ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને તેમના સમર્થકો સામે હુમલો, ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

### TET ફરજિયાત કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે

# પ્રાથમિક શિક્ષકોમાં અસંતોષ: કલેક્ટરને આવેદનપત્ર અપાયું

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

તાજેતરમાં 29 મે, 2026ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા સેવામાં ચાલુ રહેવા તેમજ બઢતી માટે શિક્ષક પાત્રતા કસોટી (TET) પાસ કરવી ફરજિયાત હોવા અંગે આપેલા ચુકાદાને લઈને છોટાઉદેપુર જિલ્લા સહિત રાજ્યભરના પ્રાથમિક શિક્ષકોમાં ભારે ચિંતા અને અસંતોષનો માહોલ સર્જાયો છે. આ મુદ્દે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ સાથે છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે જે શિક્ષકોની નિમણૂક વર્ષ 2009ના શિક્ષણ અધિકાર અધિનિયમ (RTE) અને TETની અમલવારી પહેલાંના ભરતી નિયમો હેઠળ થઈ હતી, તેમના પર હવે નવી લાયકાત ફરજિયાત કરવી અન્યાયપૂર્ણ છે. વર્ષો સુધી અંતરિયાળ અને મુશ્કેલ વિસ્તારોમાં સેવા આપનારા અનુભવી શિક્ષકો માટે આ નિર્ણય સેવા



સુરક્ષા, બઢતીની તકો અને નિવૃત્તિ પછીના લાભોને જોખમમાં મૂકી શકે છે. શિક્ષક સંઘના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે અગાઉ કાયદેસર રીતે થયેલી નિમણૂકોને પાછલી અસરથી અમાન્ય ગણવામાં આવશે તો તે જાહેર સેવાઓમાં અનિશ્ચિતતા અને વહીવટી અસ્થિરતા ઊભી કરશે. જેના કારણે હજારો શિક્ષકોના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થઈ શકે છે.

ઓલ ઈન્ડિયા પ્રાઈમરી ટીચર્સ ફેડરેશન (AIPTF) અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ (GSPTF) દ્વારા કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રાલય સમક્ષ વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં શિક્ષક સંઘોના પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારો સાથે તાત્કાલિક બેઠક યોજવાની, અનુભવી શિક્ષકોને કાયદાકીય રક્ષણ અને યોગ્ય છૂટછાટ આપવાની તેમજ કોઈપણ શિક્ષક બઢતી અને નિવૃત્તિના લાભોથી વંચિત ન રહે તેની ખાતરી કરવાની માંગ મુખ્ય છે.

### છોટાઉદેપુર નગરમાં આવેલું કુસુમ સાગર તળાવ ગંદકીથી ખદબદી રહ્યું છે

# નગરપાલિકા દ્વારા લાખો કરોડોના ખર્ચે વચ્ચે ગાર્ડનમાં મૂકેલા સાધનો ભંગાર હાલતમાં

**વારંવાર સફાઈ અર્થે મંજૂર કરવામાં આવતા નાણાંનો વેડફાટ**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર નગરની મધ્યમાં આવેલું કુસુમ સાગર તળાવ જે નગરની શોભા ગણવામાં આવે છે આ કુસુમ સાગર તળાવનો વહીવટ વર્ષોથી નગરપાલિકાના હવાલે ચાલી રહ્યો છે પરંતુ આ તળાવમાં ઉગેલી જળકુંભીની નફ્ફટ વેલો દર વર્ષે તળાવનું સૌંદર્ય બગાડે છે પરંતુ આ અંગે કાયમી નિકાલ આવતો નથી અને હાલમાં તળાવનું પાણી દુર્ગંધ મારી રહ્યું છે નગરની મધ્યમાં આવેલું આ તળાવ ફરવા ફરવા માટેનું એક સ્થળ છે પરંતુ ઉગેલી વેલો અને મચ્છરનો ઉપદ્રવ તળાવની શોભા બગાડી રહ્યો છે. કુસુમ સાગર તળાવની અંદર વારંવાર તેના રીનોવેશન અને સૌંદર્ય કરણને લીધે કરોડોનો ખર્ચો કરવામાં આવી રહ્યો છે પરંતુ પાણી સ્વચ્છ અને ચોખ્ખું ન હોવાથી આ ખર્ચો વ્યય થતો હોય તેમ લાગી રહ્યું છે. થોડા સમય અગાઉ અંદાજે 3 કરોડ 50 લાખના ખર્ચે તળાવનું




સૌંદર્ય કરણ કરવામાં આવ્યું તળાવમાં ફુવારા તથા રોશની નો ઝગમગાટ કરવામાં આવ્યો પરંતુ ફુવારા અને રોશની માટે કરેલો લાખો કરોડો નો ખર્ચ પાલિકાની નિષ્કાળજી ના કારણે વ્યર્થ થઈ ગયેલો જોવા મળી રહ્યો છે. તળાવની અંદર ફરી જળ કુંભીની નફ્ફટ વેલો ઊગી નીકળી છે જેને સાફ કરવાના તંત્રના તમામ પ્રયત્નો પાંગળા પુરવાર થયા છે અત્રે ઉલ્લેખનિય છે કે છોટાઉદેપુર નગરમાં આવેલું કુસુમ સાગર તળાવ જેની સાફ સફાઈ બાબતેનો પાંચ વર્ષનો રૂ 20 લાખનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો જેમાં કોન્ટ્રાક દર વર્ષે 4 લાખ જેવી રકમ કોન્ટ્રાક્ટરને સાફ સફાઈ બાબતે ફાળવવાના આવવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે પૈકી 1 વર્ષ થઈ ગયું છે. પરંતુ સદર બાબતે કોન્ટ્રાકટર દ્વારા કોઈ કાળજી રાખવામાં આવતી નથી જે નવાઈ ભરી વાત છે અને હવે વેલો ઊગી નીકળી છે અને તળાવમાં વચ્ચે બનાવેલા ગાર્ડન માં ભારે ખર્ચ કરી લગાવેલ સાધનો અને તળાવમાં લગાવેલા ફુવારા ભંગાર હાલતમાં જણાઈ રહ્યા છે.

# દાંતા અને કુવારસીમા સસ્તા અનાજના ગોડાઉન કોના...?

**હડાદ તાલુકામાંથી અને દાંતા તાલુકામાં થી સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ખરીદી કાળોબજાર કરતાની ચર્ચાઓ ઉઠી**

દાંતા

દાંતા તાલુકામાં અને હડાદ તાલુકામાં થી દાંતાનો વિવાદી કરિયાણા ની દુકાન ચલાવતો સંચાલક અંતરિયાળ વિસ્તારમાં થી સસ્તા અનાજની દુકાનો માથી સસ્તા ભાવે અનાજ ની ખરીદી કરીને દર આઠ દિવસે આઈસરો અને માટા ટ્રકો ભરાવીને ભમણા ભાવ લઈને બીજા જીલ્લાઓમાં હેરાફેરી કરતા ની ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે આમાં એક.વી.નામનો સંચાલક પણ શામિલ છે તે પણ પીકઅપ લઈને વરસોથી સસ્તા અનાજની હેરાફેરી કરી રહ્યા છે અને અગાઉ આમની ગાડીઓ પકડાઈ પણ ચુકી છે તેમ છતાં હજુ આ લોકો સુધરવાનું નામ નથી લેતાં ત્યારે સૌથી માસ્ટર માઈન્ડ હડાદ રોડ ઉપર કરિયાણા ની દુકાન ચલાવતો સંચાલક તેના તો દાંતામાં પણ ગોડાઉન અને કુવારસી મા પણ બહુ મોટા ગોડાઉન છે ત્યારે આ



લોકો અનેક વાર વિવાદમાં આવ્યા છે અને પકડાઈ પણ ચુક્યા છે તેમ છતાં હજુ સુધરવાનું નામ નથી લેતાં ત્યારે આવા લોકો ઉપર વિજિલન્સ અચાનક રેડ કરે તો લાખોનો અનાજનો કાળો બાર પકડાયા તેમ લાગી રહ્યું છે ત્યારે દાંતા તાલુકાના તો અધિકારીઓ બધું જાણતા હોવા છતાં પણ ક્યારે તપાસ કે કાર્યવાહી કરવામાં નથી આવી તેવી ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે હવે સસ્તા અનાજનો કાળો કારોબાર કરતાં લોકો ઉપર કાર્યવાહી થશે કે કેમ તે જોવાનું રહ્યું.

### આમ આદમી પાર્ટી દ્વારા ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા

# છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખના કથિત ખોટા જાતિના દાખલા માટે પ્રમાણપત્ર મુદ્દે રાજકીય ગરમાવો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કોલી દ્વારા કથિત રીતે ખોટું અનુસૂચિત જનજાતિ (એસટી) જાતિ પ્રમાણપત્ર મેળવી પદ પ્રાપ્ત કરવામાં આવ્યું હોવાના આક્ષેપોને લઈને જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે અને સમગ્ર મામલે પારદર્શક તથા નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે.

છોટાઉદેપુર સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન કોલીએ કથિત રીતે ખોટું એસટી જાતિ પ્રમાણપત્ર મેળવી ચૂંટણી લડી અને પદ પ્રાપ્ત કર્યું હોવાની ફરિયાદો સામે આવી છે.

તેમણે જણાવ્યું હતું કે મામલતદાર કચેરી દ્વારા આ મામલે ત્રણ વખત નોટિસ આપવામાં આવી હોવા છતાં સંબંધિત જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું નથી.



ઉપરાંત, આ સમગ્ર મામલે અત્યાર સુધી કોઈ સ્પષ્ટ તપાસ કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી, જે અનેક સવાલો ઊભા કરે છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વિનુભાઈ રાઠવાએ દાવો કર્યો હતો કે આક્ષેપોને સમર્થન આપતા કેટલાક દસ્તાવેજો અને માહિતી પણ રજૂ કરવામાં આવ્યા છે. તેમણે જવાબદાર તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરી સમગ્ર મામલાની સત્ય હકીકત જાહેર કરવાની માંગ કરી હતી.

આમ આદમી પાર્ટીના નેતાઓએ આ ઘટનાક્રમને લોકશાહી વ્યવસ્થા, કાયદાના શાસન અને જનહિત સાથે જોડાયેલો ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. સાથે જ તેમણે નિષ્પક્ષ તપાસ કરીને દોષિત સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. હાલ આક્ષેપોને લઈને જિલ્લામાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે. જોકે આ મામલે નગરપાલિકા પ્રમુખ અથવા સંબંધિત પક્ષ તરફથી કોઈ સત્તાવાર પ્રતિસાદ સામે આવ્યો નથી.




### દીપિકાના બદલે લીડ એક્ટ્રેસ તરીકે આલિયા ભટ્ટ પર મેકર્સે પસંદગી ઊતારી છે

# 'કલ્કી-2' માંથી દીપિકાની એક્ઝિટ? નવી અભિનેત્રીની એન્ટ્રી થઈ હોવાની ચર્ચા

મુંબઈ

મુંબઈઃ બોલિવૂડ માટે વર્ષ 2026 જાણે સિક્વલ ફિલ્મોનું વર્ષ હોય એવું લાગી રહ્યું છે. 'વેલકમ' અને 'ધમાલ' જેવી ફિલ્મના ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યા છે. અનેક એવી સ્ટારકાસ્ટના નવા-નવા અવતાર મોટી સ્ક્રિન પર જોવા મળવાના છે. આ સિક્વલના માહોલ વચ્ચે વર્ષ 2024માં આવેલી સુપરહિટ ફિલ્મ 'કલ્કી' તેની સિક્વલ મેકિંગને લઈને ફરીવાર ચર્ચામાં છે. હવે 'કલકી-2' આવવાની છે એવી ચર્ચા વચ્ચે મેકિંગને લઈ લેવાયેલા નિર્ણય ચર્ચામાં છે. હવે સિક્વલ ફિલ્મમાં કાસ્ટિંગને લઈ નવી અપડેટ જાણવા મળી છે. વાત મૂળ એવી હતી કે, આ સિક્વલ ફિલ્મમાં દીપિકા ફાઈનલ છે એવું માનવામાં આવી રહ્યું હતું. પછી દીપિકાએ અચાનક કલ્કી-2થી અંતર બનાવી લેતા હવે એના નામ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે.

વાવડ એવા છે કે, દીપિકા પાદુકોણના બદલે હવે લીડ એક્ટ્રેસ તરીકે આલિયા ભટ્ટ પર મેકર્સે પસંદગી ઊતારી છે. હવે ફિલ્મની સ્ટોરીમાં આલિયા કયુ પાત્ર પ્લે કરે છે એ જોવાનું છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે. હાલ તો મેકર્સે કોઈ પ્રકારની સત્તાવાર જાહેરાત કરી નથી. સૂત્રો ત્યાં સુધી જણાવે છે કે,આલિયા ભટ્ટ ફિલ્મમાં જે પાત્ર ભજવવાની છે એ નક્કી થઈ ચૂક્યું છે. આ ફિલ્મનું શુટિંગ હૈદરાબાદમાં ચાલી રહ્યું છે. આ શેડ્યુલમાં અમિતાભ બચ્ચન, કમલ હસન અને અન્ય કેટલાક કલાકારો પણ જોડાઈ ચૂક્યા છે. હવે ન્યૂઝ એવા મળી રહ્યા છે આલિયા ભટ્ટ આ ફિલ્મમાં મહત્ત્વનું પાત્ર પ્લે કરી શકે છે. મેકર્સ તરફથી કોઈ સ્પષ્ટતા નથી પણ શુટિંગ શેડ્યુલ વચ્ચે આ વિષય પર ખાસ કોઈ નિર્ણય લેવાઈ શકે છે.

દીપિકાઆ ફિલ્મમાં પહેલા સુમતિનું પાત્ર પ્લે કરવાની હતી પણ હવે આલિયાને નાગ અશ્વિને કોઈ નવો રોલ આપી દીધો છે. વૈજયંતિ મુવીઝના પ્રોડક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 'કલ્કી'ને ઈન્ટરનેશનલ લેવલના પ્રોડક્શન સ્ટાન્ડર્ડ સાથે તૈયાર કરવામાં આવી રહી છે. મ્યુઝિકની એક અલગ છાપ ઊભી કર્યા બાદ બીજાભાગમાં પણ મ્યુઝિક એટલું જ પ્રભાવશાળી રહેવાનું છે. આ પ્રોજેક્ટમાં હવે સંગીતકાર સંતોષ નારાયણ જોડાઈ ગયા છે. વર્ષ 2024માં રિલીઝ થયેલી ફિલ્મ કલ્કીએ 600 કરોડ રૂપિયાનો વકરો કર્યો હતો. ડૉમેસ્ટિક બોક્સ ઓફિસ પર 646 કરોડ રૂપિયાનું ક્લેક્શન કર્યું હતું.

જ્યારે વર્લ્ડવાઈડ ક્લેક્શન 1042 કરોડ સુધી પહોંચી ગયું હતું. રિપોર્ટમાંથી વાત એ પણ જાણવા મળી હતી કે, સુમતિના પાત્ર માટે આલિયાની પસંદગી થઈ નથી, જે પહેલા ભાગમાં દીપિકાનું હતું.આલિયાએ આ ફિલ્મ સિકવન્સના કેટલાક સીન પણ શૂટ કરી લીધા હોવાનું જાણવા મળે છે.

**નવા પાત્રો અને નવા ટ્વિસ્ટ સાથે ફિલ્મ શુટ થઈ રહી છે જેનું ટ્રેલર અને રિલીઝ ડેટ આગામી વર્ષે જાહેર થઇ જશે.**

# સોશિયલ મીડિયા સ્ટાર અપૂર્વા મખીજા થઈ ટ્રોલ

### અપૂર્વાનો એક વિડિયો સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે જેમાં તે લોકોને કોમ્પ્રોમાઈસ લઈ વાત કરી રહી છે

મુંબઈ

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જુદા-જુદા કોન્ટેટ તૈયાર કરીને ઈન્ફ્લુએંસર બનાનારાઓની ફૌજ ઊભી થઈ ગઈ છે. પણ ક્યારેક એવું બને છે કે, વધારે પડતા ફોલોઅર્સ આવતા તેઓ પોતાને એક સેલિબ્રિટી માનવા લાગે છે. લાખો કરોડોના કોલાબ અને અલગ લાઈફસ્ટાઈલને કારણે તેઓ સતત ચર્ચામાં રહે છે. હવે અપૂર્વા મખીજા નામની ઈન્ફ્લુએંસરનું નિવેદન ચર્ચામાં છે. સોશિયલ મીડિયા પર તે રેબલ કિડથી જાણીતી છે. હવે આ સોશિયલ મીડિયા 'સેલિબ્રિટી'ને લોકો દિલ ખોલીને ટ્રોલ કરી રહ્યા છે. અપૂર્વાનો એક વિડિયો સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે જેમાં તે લોકોને કોમ્પ્રોમાઈસ લઈ વાત કરી રહી છે. આ વિડિયો એવા સમયે વાયરલ થઈ રહ્યો છે, જ્યારે કોમેડિયન પ્રણીત મોરે '370ની બિરયાની' વિવાદને લઈને ચર્ચામાં છે. અપૂર્વાને આ મામલે ભારે ટ્રોલનો સામનો કરવો પડી રહ્યો છે.વર્ષ 2020માં અપૂર્વાએ સોશિયલ મીડિયા પર કોન્ટેટ બનાવવાની શરૂઆત કરી હતી. યુટ્યુબ વિડિયો અને ઈન્સ્ટાગ્રામ પર મોટી સંખ્યામાં યુવાનો એને ફોલો કરી રહ્યા છે. ઓછા જ સમયમાં તે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ અને પોપ્યુલર પણ બની ગઈ. સમય રૈનાના શૉ ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ પર તે જોવા મળી હતી. શૉમાં નહીં પણ તે કોઈ વિવાદના કેન્દ્રમાં ગઈ હોય એવું બન્યું. શૉ દરમિયાન એના દ્વારા જે અભદ્ર ટીપ્પણીઓ થઈ અને જે પ્રકારની ભાષા તે બોલી એના કારણે સોશિયલ મીડિયા પર ટીકાનો સામનો કરવો પડ્યો હતો. એ પછી એની સામે પોલીસ ફરિયાદ થઈ હતી. હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડિયોમાં તે કહે છે કે, સારી ઓફર મળે તો તે 'કોમ્પ્રોમાઈસ' કરવા પર વિચાર કરી શકે છે. બે રૂપિયાના રોલ માટે હું કોઈની સાથે બેડ પર સૂઈસ નહીં.દુબઈનો કોઈ શેખ મારી સામે 10થી 15 કરોડ રૂપિયા ફેંકે તો હું વિચાર કરી શકું, એના જ વિડિયો પર એક યુઝરે એવું લખ્યું કે, આવી વાત કરવાથી શું ફાયદો? આવા ઈન્ફ્લુએન્સરને શા માટે આટલું મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.



# ઈશા દેઓલ કરિયરમાં પહેલીવાર હૉરર-કોમેડી ફિલ્મમાં જોવા મળશે

### ફિલ્મ 'માય ફ્રેન્ડ ગણેશા' ફેમ રાજીવ રુઈયા આ હૉરર-કોમેડી ફિલ્મનું ડિરેક્શન કરશે, વાર્તા જૂની માન્યતાઓને પડકારશે

મુંબઈ

દિવંગત એક્ટર ધર્મેન્દ્ર અને દિગ્ગજ એક્ટ્રેસ હેમા માલિનીની દીકરી ઈશા દેઓલ કરિયરમાં પહેલીવાર હૉરર-કોમેડી ફિલ્મમાં જોવા મળશે. તેની આ આગામી ફિલ્મનું નામ 'ઘૂંઘટ' છે. આ ફિલ્મનું ડિરેક્શન 'માય ફ્રેન્ડ ગણેશા' ફેમ ડિરેક્ટર રાજીવ એસ. રુઈયા કરી રહ્યા છે. ફિલ્મનું નિર્માણ બેંગલુરુના પ્રોડ્યુસર દેવેશ કુમાર નેટિવ સિનેમાઝના બેનર હેઠળ કરી રહ્યા છે. ઈશાએ જણાવ્યું કે, 'આ ફિલ્મ મનોરંજનની સાથે-સાથે સમાજની જૂની માન્યતાઓને પડકારવા અને મહિલા સશક્તિકરણનો એક મજબૂત સંદેશ આપશે.' ફિલ્મમાં ઈશાનો બિલકુલ અલગ અંદાજ જોવા મળશે. સ્ક્રિપ્ટ અને જોનરે આકર્ષિત કર્યા ઈશા દેઓલે ફિલ્મ સાથે જોડાવાના પોતાના નિર્ણય વિશે વાત કરી. તેણે કહ્યું કે, 'હૉરર-કોમેડી જોનર મારા માટે મુખ્ય આકર્ષણ હતું. આ પ્રકારની ફિલ્મોમાં રોમાંચ અને હાસ્યનું સારું મિશ્રણ હોય છે, જેને આજના સમયમાં દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે.' ઈશાના મતે, 'જોનર ઉપરાંત ફિલ્મની સ્ક્રિપ્ટ અને મારું અનોખું પાત્ર જ મુખ્ય કારણ હતા, જેમણે મને આ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે પ્રેરિત કરી.' ફિલ્મ જૂની માન્યતાઓ પર પ્રશ્ન ઉઠાવશે એક્ટ્રેસે જણાવ્યું કે, 'ઘૂંઘટ' માત્ર લોકોને ડરાવવા કે હસાવવા પૂરતી સીમિત નથી. તેમાં એક મહત્વપૂર્ણ સામાજિક સંદેશ છુપાયેલો છે.

આ વાર્તા લોકોને વર્ષોથી ચાલી આવતી જૂની રીતિઓ અને માન્યતાઓ પર પ્રશ્ન ઉઠાવવાનું સાહસ આપશે. ફિલ્મમાં ભરપૂર ડ્રામા, લાગણીઓ અને કોમેડી હશે, પરંતુ તેનું મુખ્ય ધ્યાન વ્યક્તિગત ઓળખ અને પોતાની વાત પર મજબૂતીથી ટકી રહેવાના મહત્વને દર્શાવવાનું છે. 'માય ફ્રેન્ડ ગણેશા'ના ડિરેક્ટર સંભાળી રહ્યા છે કમાન ફિલ્મનું ડિરેક્શન કરી રહેલા રાજીવ એસ. રુઈયાને અલગ-અલગ શૈલીની ફિલ્મો બનાવવા માટે ઓળખવામાં આવે છે. તેમને બાળકો અને પરિવારો વચ્ચે ખૂબ જ લોકપ્રિય રહેલી 'માય ફ્રેન્ડ ગણેશા' ફ્રેન્ચાઈઝીથી ઓળખ મળી હતી. આ ઉપરાંત તેમણે 'મૈં કૃષ્ણા હૂં', 'ડાયરેક્ટ ઈશ્ક' અને હોરર-થ્રિલર ફિલ્મ 'સાંસેં'નું પણ ડિરેક્શન કર્યું છે. મેકર્સનું માનવું છે કે, પારિવારિક મનોરંજન અને હોરર વિષયો પર તેમની સારી પકડ આ ફિલ્મને વધુ સારી બનાવશે. દરેક ઉંમરના દર્શકો માટે હશે ફિલ્મ પ્રોડ્યુસર દેવેશ કુમાર આ ફિલ્મને એવા વિઝન સાથે તૈયાર કરી રહ્યા છે, જેથી દરેક ઉંમરના દર્શકો જોડાણ અનુભવી શકે. મેકર્સના મતે, ફિલ્મમાં મનોરંજન અને સાર્થકતા વચ્ચે એક સંતુલન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.





# એક્ટ્રેસ પૂજા બેનર્જી 39 વર્ષની વયે બીજી વખત માતા બનશે

### વર્ષ 2020માં તેણે એક્ટર કૃણાલ વર્મા સાથે લગ્ન કરી લીધા હતા

મુંબઈ

દેવો કે દેવ મહાદેવ ટીવી સિરિયલમાં જોવા મળેલી એક્ટ્રેસ પૂજા બેનર્જી 39 વર્ષની વયે બીજી વખત નવા મહેમાનના સમાચાર આપવાની છે. વર્ષ 2020માં તેણે એક્ટર કૃણાલ વર્મા સાથે લગ્ન કરી લીધા હતા.હવે તો પોતાના બીજા બેબીને જન્મ આપવા માટે જઈ રહી છે. પૂજા માટે એક સમય એવો હતો કે, જ્યોતિષીએ કહી દીધું હતું કે, તે ક્યારેય મા બની શકશે નહીં. આવી પરિસ્થિતિ વચ્ચે તેણે પોતાની જાતને સ્થિર રાખી અને સ્વસ્થ રાખી છે. એક ખાસ મુલાકાતમાં પૂજાએ કહ્યું હતું કે, જ્યારે પહેલીવાર માતા બની એ સમયે મને માન્યમાં આવતું ન હતું કે, ખરેખર હું માતા બનવાની છું.

સારા દિવસો ખરેખર સારા નહીં જાય એવું લાગી રહ્યું હતું. એક જ્યોતિષીએ મને કહ્યું હતું કે, હું માતા કદી નહીં બની શકું.જો થશે તો પણ ખૂબ જ મુશ્કેલી ઊભી થશે.આ વાત સાંભળીને મને અનેક પ્રકારના વિચાર આવતા હતા. જ્યારથી સમજણી થઈ ત્યારથી મારી પણ ઈચ્છા હતી કે, લગ્ન કરવા અને પછી બાળકોને જન્મ આપવો, પણ જ્યોતિષીની વાત સાંભળીને અનેક પ્રકારની ચિંતા થઈ ચૂકી હતી. પહેલીવાર જ્યારે એમના મોઢેથી એ વાત સાંભળી ત્યારે અંદરથી ખૂબ જ દુઃખ થયું હતું. માતા બનવાનું સુખ મળ્યું પણ અંદરથી એવો ડર હતો કે, આ જર્ની પૂરી નહીં થાય. પછી મારે ત્યાં એક દીકરાનો જન્મ થયો હતો. મને એ સમયે બિલકુલ વિશ્વાસ ન હતો પણ નસીબને કંઈક ઓર મંજૂર હતું. ટીવી એક્ટ્રેસ તરીકે સ્ક્રિન પર આવેલી આ એક્ટ્રેસે પછી ઝલક દિખલાજા શૉ કર્યો હતો.કૉલેજ કાળથી તેને એક્ટિંગનો શોખ હતો. એક્ટ્રેસ શૉ કરતા સોશિયલ મીડિયા પર પોતાના બોલ્ડ લૂકને કારણે ચર્ચામાં હતી. ગોવામાં લગ્ન કર્યા એ સમયે પણ તે ખૂબ ચર્ચામાં હતી. લગ્ન પહેલા જ તે ગર્ભવતી થઈ ગઈ હતી અને પોતાના પુત્ર ક્રિશિવને જન્મ આપ્યો હતો. કોર્ટ મેરેજના છ જ મહિનામાં તે ગર્ભવતી બની હતી. પૂજા અને કૃણાલની પહેલી મુલાકાત ટીવી સિરિયલના સેટ પર થઈ હતી. શૉ લીડ કરી રહી હતી અને કૃણાલ સ્ક્રિનિંગ માટે આવ્યો હતો. 15 વર્ષની હતી એ સમયે તે પોતાનું ઘર છોડીને ભાગી ગઈ હતી. કારણ કે એ સમયે એને પહેલો પ્રેમ થયો હતો. આ ઘર છોડ્યા બાદ તે પોતાના ઘરે પાછી ફરી ન હતી. મુંબઈમાં રહીને સ્ટ્રગલ કરી અને ટીવી સ્ક્રિન સુધી પહોંચી હતી.

# સોનુ નિગમને ગંભીર બીમારી થવા છતાં શૉ કેન્સલ ના કર્યો, કહ્યું - ખૂબ જ પીડા થાય છે

મુંબઈ

બોલિવૂડના ફેમસ સિંગર સોનુ નિગમે એક ચોંકાવનારો વીડિયો શેર કર્યો છે. સિંગરે ખુલાસો કર્યો કે, હું એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહ્યો છું. અસહ્ય દુઃખાવામાં હોવા છતાં તે પોતાની પ્રોફેશનલ કમિટમેન્ટ્સ નથી ભૂલ્યો. આવો જાણીએ સોનુ નિગમને શું થયું છે અને હાલ તેમની હેલ્થ કેવી છે.

સોનુ નિગમે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને મુંબઈમાં યોજાનારા લાઈવ પરફોર્મન્સ પહેલા પોતાની તબિયત અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું કે, 'હું પિન્ચ્ડ નર્વ (દબાયેલી નસ)ની સમસ્યાથી પીડાઈ રહ્યો છું. હું છેલ્લા એક અઠવાડિયાથી આ સમસ્યાને સમજવા માટે અનેક મેડિકલ ટેસ્ટ કરાવી રહ્યો છું.' પોતાની હેલ્થ વિશે વાત કરતા સિંગરે કહ્યું કે, મારી નસ દબાઈ ગઈ છે. હું એક અઠવાડિયાથી MRI અને CT સ્કેન કરાવી રહ્યો છું અને ઘણી બધી દવાઓ લઈ રહ્યો છું. સિંગરે સારવાર દરમિયાન થતા અસહ્ય દુઃખાવા વિશે પણ જણાવ્યું. સોનુ નિગમના જણાવ્યા પ્રમાણે તેમના ફિઝિયોથેરાપી સેશન્સ ખૂબ જ પીડાદાયક રહ્યા છે અને હાલ તે આ દુઃખાવામાંથી રાહત મેળવવા માટે પેઈન કિલર્સ લઈ રહ્યો છે.

તેમણે કહ્યું કે, ફિઝિયોથેરાપી ખૂબ જ પીડાદાયક હતી. હું અત્યારે દુઃખાવાની દવાઓ લઈ રહ્યો છું, જેના કારણે મારો અવાજ પણ થોડો ભારે થઈ ગયો છે. અસહ્ય દુખાવામાં હોવા છતાં સોનુ નિગમે સ્પષ્ટ કર્યું કે મારો આગામી કૉન્સર્ટ રદ કરવાનો કોઈ ઈરાદો નથી. હું ઘણા સમય પછી સ્ટેજ પર પર્ફોર્મ કરવા જઈ રહ્યા છું અને કોઈ પણ સંજોગોમાં પર્ફોર્મ કરીશ જ. તેમણે એ પણ જણાવ્યું કે સ્નાયુઓને આરામ આપવા માટે (મસલ રિલેક્સન્ટ) જે દવા આપવામાં આવી છે, તેના કારણે મારા ગળા પર પણ અસર થઈ છે. એક સિંગર માટે લાઈવ શૉ પહેલા અવાજમાં ભારેપણાની સમસ્યા આવવી એ ચિંતાજનક બાબત છે.

સોનુ નિગમે ચાહકોને ખાતરી આપી કે ભલે ગમે તે થાય, હું પરફોર્મ કરવાનું ચાલુ રાખીશ. સોનુ નિગમનો વીડિયો જોયા બાદ ચાહકો તેના જલદીથી સાજા થવાની પ્રાર્થના કરી રહ્યા છે. ચાહકો તેને પરફોર્મ કરવા માટે હિંમત આપી રહ્યા છે.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 18 જૂન 2026 | અમદાવાદ

### ભારતના પ્રિયાંશ-કુશાગ્ર અને કેપ્ટન તિલકની ફિફ્ટી, વૈભવ સતત ચોથી મેચમાં ફ્લોપ

# ટ્રાઈ સિરીઝ: ઈન્ડિયા-Aએ અફઘાનિસ્તાન-Aને 101 રને હરાવ્યું

બર્મિંગહામ

ઈન્ડિયા-Aએ ટ્રાઈ-નેશન સિરીઝની કરો યા મરો મેચમાં અફઘાનિસ્તાન-Aને 101 રનથી હરાવ્યું છે. જોકે, ટીમે ફાઈનલમાં પ્રવેશ કરવા માટે શ્રીલંકા-A અને અફઘાનિસ્તાન-A વચ્ચે 19 જૂને રમાનારી મેચના પરિણામની રાહ જોવી પડશે. બુધવારે દાંબુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં 320 રનનો ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી અફઘાનિસ્તાન-Aની ટીમ 36.5 ઓવરમાં 218 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. નિશાંત સિંધુએ 4 વિકેટ ઝડપી હતી, જ્યારે યશ ઠાકુરને 2 વિકેટ મળી હતી. વૈભવ 38 રનમાં આઉટ, ત્રણ બેટર્સે ફિફ્ટી ફટકારી 15 વર્ષનો ઓપનર વૈભવ સૂર્યવંશી 28 બોલમાં 38 રન બનાવીને આઉટ થયો. તે સતત ચોથી ઈનિંગમાં ફિફ્ટી બનાવી શક્યો નથી. વૈભવ આ સિરીઝની 4 મેચમાં માત્ર 117 રન જ બનાવી શક્યો છે. આ સિરીઝમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 44 રન રહ્યું છે. જોકે, પ્રિયાંશ આર્યા (58 રન), કુમાર કુશાગ્ર (58 રન) અને તિલક વર્મા (59 રન)ની ઈનિંગ્સથી ટીમને 300 રનને પાર પહોંચાડી દીધી હતી. અફઘાનિસ્તાન-A તરફથી ફરીદૂન દાઉદઝઈ અને ફરમાનુલ્લાહ સફીએ 2-2 વિકેટ ઝડપી હતી.

24 વર્ષના ભારતીય ઓપનર પ્રિયાંશ આર્યાએ લિસ્ટ-A કરિયરની ચોથી ફિફ્ટી ફટકારી. તે 42 બોલમાં 58 રન બનાવીને આઉટ થયો. તેણે વૈભવ સૂર્યવંશી સાથે 75 રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. વૈભવ સૂર્યવંશી આ સિરીઝમાં અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યો નહીં. તે આ સિરીઝની 4 મેચમાં માત્ર 117 રન જ બનાવી શક્યો. આ સિરીઝમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 44 રન રહ્યું હતું.



37મી ઓવરમાં નિશાંત સિંધુએ બે વિકેટ ઝડપી. તેણે બીજા બોલ પર શામ્સ ઉર રહમાન અને પાંચમા બોલ પર ઝાહીર ખાનને પેવેલિયન ભેગા કરી દીધા. ઝાહીરના આઉટ થવાની સાથે જ અફઘાનિસ્તાનની ટીમ 218 રન પર ઓલઆઉટ થઈ ગઈ. 35મી ઓવરમાં અફઘાનિસ્તાન-Aએ આઠમી વિકેટ ગુમાવી. અહીં અબ્દુલ્લાહ અહમદઝઈ (6 રન)ને નિશાંત સિંધુએ પ્રિયાંશ આર્યાના હાથે કેચ આઉટ કરાવ્યો.

પ્રિયાંશે લોંગ-ઓન બાઉન્ડરી પરથી બોલને અંદરની તરફ ઉછાળ્યો અને કેચ પૂરો કર્યો હતો. નિશાંતે આ બીજી વિકેટ મેળવી છે. આ પહેલા તેણે કેપ્ટન ઈમરાન મીર (32 રન)ને પણ પેવેલિયન ભેગો કર્યો હતો. 33મી ઓવરના બીજા બોલ પર અફઘાનિસ્તાન-Aએ સાતમી વિકેટ ગુમાવી. અહીં ફરમાનુલ્લાહ સફી (17 રન)ને સૂર્યાંશ શેડગેએ LBW આઉટ કર્યો. તેને આ પહેલી વિકેટ મળી છે. 32મી ઓવરમાં અફઘાનિસ્તાન-Aએ છઠ્ઠી વિકેટ ગુમાવી. અહીં મોહમ્મદ ઈશાક 16 રન બનાવીને આઉટ થયો. તેને યશ ઠાકુરે કેચ આઉટ કરાવ્યો. સબ્સ્ટિટ્યૂટ ફિલ્ડર અશોક શર્માએ ડીપ થર્ડ મેનની દિશામાં ડાઈવ લગાવીને કેચ ઝડપ્યો હતો. યશાને આ બીજી વિકેટ મળી છે. તેણે હસન ઈસાખિલ (14 રન) ને પણ આઉટ કર્યો હતો.

## અલ્જીરિયાને 3-0થી કચડી આર્જેન્ટિનાએ તોડ્યો 44 વર્ષ જૂનો સિલસિલો

મુંબઈ

આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ ફીફા વર્લ્ડ કપ 2026માં પગ મૂકતાની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો છે. ગ્રુપ Jના પોતાના પ્રથમ મુકાબલામાં આર્જેન્ટિનાએ અલ્જીરિયાને 3-0થી કારમો પરાજય આપીને પોતાના ખિતાબ બચાવવાના અભિયાનની શાનદાર શરૂઆત કરી છે.

આ ધમાકેદાર જીતના એકમાત્ર મહાનાયક કેપ્ટન લિયોનેલ મેસ્સી રહ્યા હતા, જેમણે પોતાની 200મી આંતરરાષ્ટ્રીય મેચ અને રેકોર્ડ 6ઠ્ઠા વર્લ્ડ કપમાં અદ્ભુત હેટ્રિક ફટકારીને વર્લ્ડ રેકોર્ડ્સની ઝડી લગાવી દીધી છે. કેનસસ સિટીના એરોહેડ સ્ટેડિયમ ખાતે 69,045 દર્શકોની હાજરીમાં રમાયેલા આ મેચમાં 38 વર્ષીય સુપરસ્ટારે એવું જાદુઈ પ્રદર્શન કર્યું, જેને ફૂટબોલ પ્રેમીઓ લાંબા સમય સુધી યાદ રાખશે. મેચની શરૂઆત વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટિના માટે સરળ રહી નહોતી. મેચની 5મી મિનિટે જ મેસ્સીએ બોલને ગોલપોસ્ટમાં પહોંચાડી દીધો હતો, પરંતુ બિલ્ડ-અપ દરમિયાન ઑફસાઈડ હોવાને કારણે રેફરીએ ગોલ રદ કર્યો હતો. તેના થોડા જ સમય બાદ અલ્જીરિયાના ફાર્સ ચાબીએ પણ ગોલ કરીને ઉજવણી શરૂ કરી દીધી હતી, પરંતુ અહીં પણ VAR (વીડિયો આસિસ્ટન્ટ રેફરી)એ તેને ઑફસાઈડ જાહેર કરતા ગોલ અમાન્ય રહ્યો હતો. શરૂઆતની 15 મિનિટ સુધી અલ્જીરિયાએ વિશ્વ ચેમ્પિયન ટીમને ખુલ્લો પડકાર આપ્યો હતો અને બોલ પર સારું નિયંત્રણ જાળવી રાખ્યું હતું, પરંતુ ત્યારબાદ મેસ્સીનો અસલી ક્લાસ જોવા મળ્યો હતો. મેચની 17મી મિનિટે રોડ્રિગો ડી પોલે એક શાનદાર થ્રૂ-બોલ પાસ આપ્યો. મેસ્સીએ ડિફેન્ડરોના ભારે દબાણ વચ્ચે પણ બોલ પર અદભૂત નિયંત્રણ મેળવીને તેને ટોપ કોર્નરમાં ધકેલી દીધો, જેનો અલ્જીરિયાના ગોલકીપર લુકા જિદાન પાસે કોઈ જવાબ નહોતો. આ ગોલ અનેક રીતે ખાસ હતો.

**ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો મહારોમાંચ**

## નેપાળ-નેધરલેન્ડ્સ મેચમાં સર્જાયો વર્લ્ડ રેકોર્ડ, એક-બે નહીં પણ 3-3 સુપર ઓવર રમાઈ

મુંબઈ

કોઈપણ ક્રિકેટ ચાહક માટે મેચ ટાઈ થવી અને ત્યારબાદ વિજેતા નક્કી કરવા માટે 'સુપર ઓવર' રમાવી એ સોનામાં સુગંધ ભળવા સમાન હોય છે. જો ક્રિકેટપ્રેમીઓને કોઈ મેચમાં સુપર ઓવર જોવા મળે, તો જાણે તેમને દિવાળીનું બોનસ મળી ગયું હોય તેવો આનંદ થાય છે. જોકે જરા વિચારો કે, જો કોઈ એક જ મેચમાં એક કે બે નહીં, પરંતુ સળંગ 3 વખત સુપર ઓવર જોવાનો મોકો મળે તો તેને શું કહેશો? આ અદ્ભુત, અકલ્પનીય અને અવિશ્વસનીય ઘટના પુરુષોના વ્યાવસાયિક ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમ વખત વાસ્તવિકતા બની છે, જ્યાં એક જ મેચનું પરિણામ લાવવા માટે ત્રણ-ત્રણ સુપર ઓવરનો આશરો લેવો પડ્યો હતો.



ઐતિહાસિક ટાઈ પાછળ ટાઈનો રોમાંચ વાસ્તવમાં, સ્કોટલેન્ડના ગ્લાસ્ગોમાં નેપાળ અને નેધરલેન્ડ્સ વચ્ચે T20 ટ્રાઈ સિરીઝનો એક અત્યંત રોમાંચક મુકાબલો ખેલાયો હતો. આ રોમાંચક મેચ નિર્ધારિત 20 ઓવરમાં ટાઈ પર સમાપ્ત થઈ હતી. ત્યારબાદ વિજેતા નક્કી કરવા માટે પ્રથમ સુપર ઓવર રમાડવામાં આવી, પરંતુ આશ્ચર્યની વાત એ રહી કે આ સુપર ઓવર પણ ટાઈ થઈ. આવી સ્થિતિમાં નિયમ મુજબ બંને ટીમો વચ્ચે બીજી સુપર ઓવર રમાડવામાં આવી. ક્રિકેટ જગત ત્યારે સ્તબ્ધ થઈ ગયું જ્યારે બીજી સુપર ઓવરનું પરિણામ પણ ટાઈ આવ્યું! આંતરરાષ્ટ્રીય પુરુષ ક્રિકેટના ઈતિહાસમાં આજ સુધી ક્યારેય બીજી સુપર ઓવર ટાઈ થઈ નહોતી. આ અભૂતપૂર્વ સ્થિતિ બાદ ત્રીજી સુપર ઓવર રમાડવી પડી, જેમાં આખરે મેચનું પરિણામ આવી શક્યું હતું.

## નેયમાર ઈજાને કારણે ફીફા વર્લ્ડ કપના સમગ્ર ગ્રૂપ સ્ટેજમાંથી થઈ શકે છે બહાર

### બ્રાઝિલના ફેન્સને મોટો ઝટકો: કાફની ઈજામાંથી સાજા થવામાં લાગી રહ્યો છે સમય

વૉશિંગ્ટન

ફિફા વર્લ્ડ કપ 2026ની ધમાકેદાર શરૂઆત વચ્ચે બ્રાઝિલના ફૂટબોલ ચાહકો માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેયમાર જુનિયરની ઈજાને લઈને મોટું અપડેટ આવ્યું છે. લેટેસ્ટ મેડિકલ રિપોર્ટ્સ અને તપાસ બાદ એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, નેયમાર 2026 ફિફા વર્લ્ડ કપના સમગ્ર ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ શકે છે. ઈજાના કારણે જ નેયમાર બ્રાઝિલની ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પણ રમી શક્યો નહોતો.

કાફની ઈજામાંથી સાજા થવામાં લાગી રહ્યો છે સમય વાસ્તવમાં, નેયમારને મે 2026માં ગ્રેડ-2 કાફ સ્ટ્રેનની ઈજા થઈ હતી. આ ગંભીર ઈજાના કારણે તે હાલમાં બ્રાઝિલ ટીમના નિયમિત ટ્રેઈનિંગ સેશનમાં પણ સામેલ



થઈ શક્યો નથી. તેને જમણા પગની આ ઈજામાંથી સાજા થવામાં અપેક્ષા કરતાં ઘણો વધુ સમય લાગી રહ્યો છે, જેના કારણે તેની ફિટનેસને લઈને હજુ પણ અનિશ્ચિતતા યથાવત છે. બ્રાઝિલના મુખ્ય કોચ કાર્લો એન્સેલોટી અને ટીમ મેનેજમેન્ટ નેયમારની ઈજા પર સતત નજર રાખી રહ્યા છે. ટીમ ઈચ્છે છે કે નેયમાર ઉતાવળ કરવાના બદલે સંપૂર્ણપણે ફિટ થયા બાદ જ મેદાનમાં પરત ફરે, જેથી ટીમ જ્યારે નોકઆઉટ તબક્કામાં પહોંચે ત્યારે તેઓ પૂરી તાકાત સાથે રમી શકે. આ ગણતરીના ભાગરૂપે જ આગામી મેચોમાં તેને આરામ આપવામાં આવી શકે છે. નેયમાર બ્રાઝિલની મોરક્કો સામેની શરૂઆતની ઓપનિંગ મેચમાં પણ રમી શક્યો નહોતો. હવે જો તેની રિકવરી અપેક્ષા મુજબ નહીં થાય, તો તે આગામી 20 જૂને હૈતી અને 25 જૂને સ્કોટલેન્ડ સામે રમાનારી ગ્રૂપ સ્ટેજની બંને મહત્ત્વની મેચો પણ ગુમાવશે. સમગ્ર વિશ્વના ફૂટબોલ ચાહકો નેયમારની જાદુઈ વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, કારણ કે તે બ્રાઝિલની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ માટે ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે.

કુલ આંતરરાષ્ટ્રીય મેચ: 128

કુલ આંતરરાષ્ટ્રીય ગોલ: 79 ગોલ

વર્લ્ડ કપમાં પ્રદર્શન: નેયમારે અત્યાર સુધી ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં કુલ 8 ગોલ કર્યા છે. તેણે આ અદભૂત સિદ્ધિ 2014, 2018 અને 2022ના વર્લ્ડ કપમાં હાંસલ કરી હતી. આ વર્લ્ડ કપ દરમિયાન અન્ય એક રોચક ઘટના પણ સામે આવી છે. ફિફા વર્લ્ડ કપ 2026ના ઈતિહાસમાં ન્યૂઝીલેન્ડ તરફથી રમતા ભારતીય મૂળના ફૂટબોલર સરપ્રીત સિંહે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તે વિશ્વ કપની શરૂઆતની પ્લેઈંગ XIમાં મેદાન પર ઉતરનારો વિશ્વનો સર્વપ્રથમ ભારતીય મૂળનો ખેલાડી બની ગયો છે. હાલમાં બ્રાઝિલની ટીમ આશાવાદી છે કે નેયમાર ગ્રૂપ સ્ટેજ ભલે ન રમી શકે, પરંતુ નોકઆઉટ સુધીમાં તે સંપૂર્ણ ફિટ થઈને મેદાન પર ધમાકેદાર પુનરાગમન કરશે.



### મફત ભોજન નહીં મળે, ચા-કોફી કોમ્પ્લિમેન્ટરી રહેશે

## એર ઈન્ડિયાએ શરૂ કરી 'બેઝિક' ભાડાની કેટેગરી

મુંબઈ

એર ઈન્ડિયાએ પસંદગીના ઘરેલુ રૂટ્સ પર નવી 'બેઝિક' ભાડા શ્રેણી શરૂ કરી છે. જેના હેઠળ મુસાફરોને ઓછી કિંમતે મુસાફરી કરવાનો વિકલ્પ મળશે. ઈકોનોમી ક્લાસ ટિકિટમાં મફત ભોજન સામેલ નહીં હોય, જોકે મુસાફરોને મફત ચા કે કોફી આપવામાં આવશે. એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું કે આ ભાડાને હાલમાં ટ્રાયલ બેઝિસ પર શરૂ કરવામાં આવ્યું છે, જે એવા મુસાફરોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે જેઓ ઓછા ખર્ચે મુસાફરી કરવા માંગે છે.

લગેજ માટે 15 કિલોગ્રામની મર્યાદા મળશે એર ઈન્ડિયાની આ નવી 'બેઝિક' ભાડા કેટેગરી પસંદ કરનારા મુસાફરો માટે સામાન લઈ જવાના નિયમો પણ




નક્કી કરવામાં આવ્યા છે. આ કેટેગરી હેઠળ મુસાફરી કરનારા પેસેન્જર્સ પોતાની સાથે 15 કિલોગ્રામ સુધીનો ચેક-ઈન બેગેજ લઈ જઈ શકશે.

આ ઉપરાંત, તેમને 7 કિલોગ્રામ સુધીનો કેબિન બેગેજ પોતાની સાથે એરક્રાફ્ટની અંદર લઈ જવાની મંજૂરી હશે. ભલે આ બેઝિક ભાડામાં મફત ભોજન સામેલ નથી, પરંતુ મુસાફરો પાસે ભોજન ખરીદવાનો વિકલ્પ રહેશે. બેઝિક ફેર બુક કરનારા મુસાફરો ફ્લાઈટ ઉપડવાના 24 કલાક પહેલા સુધી પોતાના માટે ભોજન પ્રી-પર્ચેઝ કરી શકે છે. મુસાફરોને ભોજન માટે વેજિટેરિયન, નોન-વેજિટેરિયન, જૈન અને ડાયાબિટીક મીલ્સના વિકલ્પો પણ આપવામાં આવશે. એર ઈન્ડિયાએ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ભોજનના રિફંડ અને ટ્રાન્સફર અંગેના નિયમો પણ સ્પષ્ટ કર્યા છે. એરલાઈન મુજબ, જો ફ્લાઈટના શેડ્યૂલમાં કોઈ ફેરફાર થાય છે અથવા મુસાફરને બીજી ફ્લાઈટમાં શિફ્ટ કરવામાં આવે છે, તો મુસાફર દ્વારા અગાઉથી ખરીદેલું ભોજન નવી ફ્લાઈટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જો કોઈ પરિસ્થિતિમાં ભોજન ઉપલબ્ધ ન હોય, તો મુસાફરને તેના પૈસા રિફંડ કરવામાં આવશે.

### ભારતમાં પિઝા હટ આઉટલેટ્સ ચાલુ રહેશે

## 'પિઝા હટ'નું સુકાન નવા માલિકના હાથમાં, રૂ. 25,650 કરોડમાં વેચાઈ રહી છે વિશ્વ વિખ્યાત પિઝા ચેઈન

મુંબઈ

વર્ષ 1990 અને 2000ના દાયકામાં લાખો ભારતીયો માટે 'પિઝા હટ' માત્ર એક રેસ્ટોરન્ટ નહોતું, પણ બર્થડે પાર્ટી, સ્કૂલની સફળતાની ઉજવણી અને ફેમિલી આઉટિંગનું એક ખાસ સરનામું હતું. એ દિવસોમાં આખા ભારતમાં પિઝા નવા નવા હતા, જેથી યુવાનોમાં તેની લોકપ્રિયતા પણ વધી રહી હતી. હવે આ લોકપ્રિય બ્રાન્ડના માલિક બદલાવા જઈ રહ્યા છે. પિઝા હટની પેરેન્ટ કંપની 'યમ બ્રાન્ડ્સે' આ વૈશ્વિક પિઝા ચેઈન આશરે રૂ. 25,650 કરોડમાં ( $2.7 બિલિયન)માં વેચવાની સત્તાવાર જાહેરાત કરી છે. ફાસ્ટ-ફૂડ માર્કેટમાં વધતી હરીફાઈ, ગ્રાહકોની બદલાતી આદતો અને મોંઘવારીના કારણે આ મોટો નિર્ણય લેવાયો છે. આ સોદા અંતર્ગત પિઝા હટનો બિઝનેસ બે ભાગમાં વહેંચાઈ જશે. જેમાંથી ચીનનો હિસ્સો 'યમ ચાઈના હોલ્ડિંગ્સ' નામની કંપની $1.2




બિલિયનમાં ખરીદશે, અને તેનો વ્યવસાય ચીન પૂરતો સીમિત રહેશે. જ્યારે પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ 'લોંગરેન્જ કેપિટલ' બાકીના વૈશ્વિક બિઝનેસને $1.5 બિલિયનમાં હસ્તગત કરશે. તમામ જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ આ પ્રક્રિયા 2026ના ત્રીજા ક્વાર્ટરમાં પૂર્ણ થવાની સંભાવના છે. આ ફેરફારથી યમ બ્રાન્ડ્સ હવે તેના વધુ નફો આપતા વ્યવસાયો જેમ કે 'KFC' અને 'ટેકો બેલ' પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આ જાહેરાત બાદ શેરબજારમાં પણ સકારાત્મક માહોલ જોવા મળ્યો છે. યમ બ્રાન્ડ્સે $4 બિલિયનના શેર બાયબેકની જાહેરાત કરતા તેના શેરમાં 2% નો ઉછાળો આવ્યો હતો. ગ્રાહકો માટે રાહતના સમાચાર એ છે કે પિઝા હટ ક્યાંય ગાયબ નથી થઈ રહી, માત્ર તેનું મેનેજમેન્ટ નવા લોકોના હાથમાં જશે. ભારતમાં પણ પિઝા હટના તમામ આઉટલેટ્સ પહેલાની જેમ જ ચાલુ રહેશે. વર્ષ 1958માં શરૂ થયેલી અને દાયકાઓ સુધી ફાસ્ટ ફૂડ માર્કેટ પર રાજ કરનારી આ બ્રાન્ડ હવે નવા માલિકો સાથે કયો નવો વળાંક લે છે, તે જોવું રસપ્રદ રહેશે. છેલ્લાં કેટલાક સમયથી પિઝા હટ ડિલિવરી એપ્સ, સ્થાનિક બ્રાન્ડ્સ અને ગ્રાહકોની હેલ્થી ફૂડ તરફની પસંદગીના કારણે સંઘર્ષ કરી રહી હતી.

### માઈક્રોસોફ્ટ-એમેઝોનને પાછળ છોડ્યા

## મસ્કની સ્પેસએક્સ દુનિયાની 5મી સૌથી મૂલ્યવાન કંપની બની

### ઈલોન મસ્કની સ્પેસ અને AI કંપની સ્પેસએક્સના શેરોમાં મંગળવારે 14% થી વધુનો ઉછાળો આવ્યો, જેના કારણે કંપનીનું માર્કેટ કેપ $2.85 ટ્રિલિયન (લગભગ ₹240 લાખ કરોડ) ને પાર પહોંચી ગયું

મુંબઈ

ઈલોન મસ્કની સ્પેસ અને AI કંપની સ્પેસએક્સના શેરોમાં મંગળવારે 14% થી વધુનો ઉછાળો આવ્યો, જેના કારણે કંપનીનું માર્કેટ કેપ $2.85 ટ્રિલિયન (લગભગ 240 લાખ કરોડ) ને પાર પહોંચી ગયું.આ તેજી સાથે સ્પેસએક્સે ટેક કંપની એમેઝોનને પાછળ છોડી દીધી છે અને થોડા સમય માટે માઈક્રોસોફ્ટથી પણ આગળ નીકળી ગઈ હતી. સ્પેસએક્સ હવે વિશ્વની પાંચમી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે. એટલું જ નહીં, સોમવારે સ્પેસએક્સના શેરોમાં 20% થી વધુનો ઉછાળો આવ્યો હતો. આનાથી ઈલોન મસ્કે માત્ર એક દિવસમાં 164 અબજ ડોલર એટલે કે લગભગ 15.5 લાખ કરોડ રૂપિયા કમાયા. આ વોરેન બફેટની આખી જીવનકાળની કમાણી 148 અબજ ડોલર એટલે કે લગભગ 14 લાખ કરોડ રૂપિયા કરતાં 11% વધુ છે. વોલ સ્ટ્રીટ પર લિસ્ટિંગના થોડા જ દિવસો પછી રોકાણકારો સતત આ સ્ટોકમાં ખરીદી કરી રહ્યા છે. આ સ્પેસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની મંગળવારે $220 પર ટ્રેડ કરી રહી હતી, જે એક દિવસમાં 14.3% નો વધારો છે. આ કિંમત તેના $135 ના IPO (આઈપીઓ) પ્રાઈસથી 62% થી




વધુ ઉપર છે. આ સ્તરે સ્પેસએક્સની કુલ વેલ્યુ લગભગ 2.85 ટ્રિલિયન ડોલર આંકવામાં આવી છે, જેણે તેને વિશ્વની પાંચ સૌથી મૂલ્યવાન કંપનીઓમાં સામેલ કરી દીધી છે. આ કંપની નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં વૃદ્ધિ નોંધાવનારી સૌથી મોટી યોગદાનકર્તા રહી છે. એમેઝોનને પાછળ છોડ્યું, માઈક્રોસોફ્ટથી પણ આગળ નીકળી આ ઝડપ સાથે સ્પેસએક્સે એમેઝોનને પાછળ છોડી દીધું છે, જેનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ 2.64 ટ્રિલિયન ડોલર છે. આ ઉપરાંત, કંપનીએ થોડા સમય માટે માઈક્રોસોફ્ટને પણ પાછળ છોડી દીધું હતું, જેનું મૂલ્ય લગભગ 2.92 ટ્રિલિયન ડોલર છે, જોકે બાદમાં સ્પેસએક્સ થોડું નીચે આવી ગયું. વર્તમાનમાં, વિશ્વની ત્રણ સૌથી મોટી કંપનીઓ 4 ટ્રિલિયન ડોલરથી વધુનું માર્કેટ વેલ્યુએશન ધરાવે છે. ઓપ્શન્સ ટ્રેડિંગ શરૂ થવાથી રોકાણકારોનો ઉત્સાહ વધ્યો મંગળવારે સ્પેસએક્સના શેર સાથે સંકળાયેલા ઓપ્શન્સમાં ટ્રેડિંગ શરૂ થઈ ગયું, જેનાથી રોકાણકારોની રુચિ વધુ વધી છે. બજારના સહભાગીઓને હવે આ નવા લિસ્ટેડ સ્ટોકની દિશા પર દાવ લગાવવા માટે એક નવો માર્ગ મળી ગયો છે. સ્પોટગામા ઓપ્શન્સ એનાલિટિક્સ પ્લેટફોર્મના સ્થાપક બ્રેન્ટ કોચુબાએ જણાવ્યું કે મંગળવારથી SPCX ઓપ્શન્સ લોન્ચ થઈ ગયા છે, જે સ્ટાન્ડર્ડ માસિક એક્સપાયરી અને $25 થી $380 સુધીની સ્ટ્રાઈક પ્રાઈસની સુવિધા આપી રહ્યા છે. તેમણે કહ્યું કે જો કૉલ ઑપ્શન્સની માગ ભારે રહે છે, તો ડીલર્સને ઓછી લિક્વિડિટીવાળી સ્થિતિમાં પણ SPCX શેર ખરીદવા માટે મજબૂર થવું પડી શકે છે. આવતા અઠવાડિયાથી ઈન્ડેક્સની માગ પણ વધી શકે છે, જ્યારે વધુ શેર આગામી 1-2 મહિના સુધી ઉપલબ્ધ થવાની અપેક્ષા નથી.

## ક્રૂડ ઓઈલના ભાવ ધડામ: 4 દિવસમાં 16%નો કડાકો

- **વૈશ્વિક ઓઈલ માર્કેટમાંથી ભારતીય અર્થતંત્ર માટે રાહત આપનારા મોટા સમાચાર સામે આવ્યા છે.**

મુંબઈ

વૈશ્વિક ઓઈલ માર્કેટમાંથી ભારતીય અર્થતંત્ર માટે રાહત આપનારા મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (Hormuz Strait) ને ફરીથી ખોલવા માટે થનારા સંભવિત ઐતિહાસિક કરારની અસરોને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ત્રણ મહિનાના સૌથી નીચલા સ્તરે સરકી ગઈ છે.

પાછલા સતત ચાર ટ્રેડિંગ સેશનમાં જ ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે 16% જેટલો મોટો ઘટાડો નોંધાયો છે, જેને આ વર્ષનો સૌથી લાંબો અને મોટો ઘટાડો માનવામાં આવી રહ્યો છે. આ કડાકાના પગલે અમેરિકન બેન્ચમાર્ક વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિએટ (WTI) ક્રૂડ 77 ડૉલર પ્રતિ બેરલની નીચે ટ્રેડ કરી રહ્યું છે, જ્યારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ (Brent Crude) પણ ઘટીને 79 ડૉલર પ્રતિ બેરલની નીચે બંધ આવ્યું છે. અમેરિકા-ઈરાન કરારથી સપ્લાય વધવાની આશા બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આગામી શુક્રવારે અમેરિકા અને ઈરાન વચ્ચે એક વચગાળાના કરાર પર હસ્તાક્ષર થવાની પૂરેપૂરી સંભાવના છે. આ સમજૂતી હેઠળ ઈરાનને પોતાના તેલની નિકાસ (Oil Export) ફરીથી શરૂ કરવાની સત્તાવાર મંજૂરી મળી શકે છે. બજારને આશા છે કે ઈરાન પરથી પ્રતિબંધો હટતા જ વૈશ્વિક સ્તરે તેલની સપ્લાયમાં મોટો વધારો થશે અને બજારમાં તેલની ઉપલબ્ધતા વધુ સરળ બનશે. નિષ્ણાતોનું માનવું છે કે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થવાથી અને હોર્મુઝની ખાડી ખૂલવાથી ગ્લોબલ એનર્જી માર્કેટ પર બનેલું ભારે દબાણ અચાનક હળવું થઈ જશે.

## અમદાવાદ, રાજકોટ, ભાવનગરમાં રેલી અને ધરણા

# ફરજિયાત TETના વિરોધમાં આજથી શિક્ષકોનું રાજ્યવ્યાપી આંદોલન






અમદાવાદ

સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો છે કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે તેમણે TET પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે. ત્યારે રાજ્યના શિક્ષકોમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આજથી ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં આવેદનપત્ર અને ધરણાની જાહેરાત કરવામાં આવી છે. 2010 પહેલા નોકરી પર લાગેલા શિક્ષકોને આમાંથી બાકાત રાખવાની માગ કરવામાં આવી છે.

**અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષણ મંડળના શિક્ષકો મોટી સંખ્યામાં અમદાવાદ કલેક્ટર કચેરી બહાર ધરણા પ્રદર્શન પર બેઠા**

અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષણ મંડળના શિક્ષકો મોટી સંખ્યામાં અમદાવાદ કલેક્ટર કચેરી બહાર ધરણા પ્રદર્શન પર બેઠા હતા. જે તે સમયે નોકરીમાં લાગ્યા ત્યારબાદ હવે TET પરીક્ષા પાસ કરવી જરૂરી ન હોવાના દાવા સાથે શિક્ષકોએ ધરણા પ્રદર્શન કરી વિરોધ નોંધાવ્યો હતો. તેમજ તેની સાથે સાથે OPS યોજના લાગુ કરવાની માંગ પણ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યા હતી. ધારણા પ્રદર્શન કર્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષણ મંડળના કેટલાક પ્રતિનિધિઓએ કલેક્ટરને TET પરીક્ષા નાબૂદ કરવા માટે આવેદનપત્ર પણ આપ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળના પ્રમુખ મનોજ પટેલે જણાવ્યું હતું કે, 2011 પહેલા જે શિક્ષકો નોકરીમાં લાગ્યા છે તે લોકોને TET પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરવામાં આવી છે. 20 થી 25 વર્ષ નોકરીમાં થયા બાદ હવે પરીક્ષા આપવી યોગ્ય લાગતી નથી. તેમજ હવે રિટાયર્ડ થવાની તૈયારીમાં છીએ ત્યારે એવું કહેવામાં આવે છે કે પરીક્ષા પાસ કરવામાં આવશે તો જ લાભો મળશે. જેથી તેને લઈને અમે વિરોધ કરી રહ્યા છીએ. TET પરીક્ષા રદ કરવામાં અને OPS યોજના લાગુ કરવામાં આવે તે જ અમારી માંગણી છે. તેથી અત્યારે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. ગુજરાત રાજ્યના હજારો શિક્ષકો વર્ષોથી પોતાની ફરજ બજાવી રહ્યા છે આ શિક્ષકોની નિમણૂક જે તે સમયના ભરતી નિયમો અને પ્રક્રિયા મુજબ કરવામાં આવી હતી, અને તે સમયે TET પાસ કરવી ફરજિયાત નહોતી. જોકે, તાજેતરના કેટલાક નિર્ણયો અને વિકાસને કારણે આ શિક્ષકોના ભવિષ્ય સામે અનિશ્ચિતતા ઊભી થઈ છે, જેને લઈને શિક્ષકો અને તેમના પરિવારોમાં ભારે ચિંતાનું વાતાવરણ છે.

### ■ રાજકોટમાં મોટી સંખ્યામાં શિક્ષકો રેલીમાં જોડાયા

સુપ્રીમ કોર્ટનો 2009નો ચુકાદો છે તેમાં એવું કહેવામાં આવ્યું છે કે હવે પછી જે ભરતી થશે તે પરીક્ષાના આધારે થશે. તે અમને માન્ય છે પરંતુ સુપ્રીમ કોર્ટમાં એવું કહેવું છે કે વર્ષ 2010 પહેલાના જે શિક્ષકો છે તેઓને પણ આ પરીક્ષા આપવી પડશે. જે વ્યાજબી નથી કારણકે તેઓની તે સમયના ક્રાઈટ એરિયા પ્રમાણે ભરતી થઈ હતી. તે સમયે તેઓ ખરા ઉતર્યા હતા તો પરીક્ષા આપવાનો મતલબ શું. જેથી અમારો વિરોધ છે કે વર્ષ 2010 પહેલાના શિક્ષકોને TET ની પરીક્ષા ન આપવી પડે.

### ■ આજથી ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં વિરોધ પ્રદર્શન કરાશે

સુપ્રિમ કોર્ટના નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને યોગ્ય ન ગણી બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં 33 જિલ્લામાં 3 દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલન કરવાની તૈયારી કરવામાં આવી છે. કારણ કે TET પાસ કરવી ફરજિયાત કરવામાં આવી હોવાથી એક લાખ જેટલા શિક્ષકો જે જે તે સમયે સરકારના નિયમ મુજબ નોકરીમાં લાગ્યા છે તેમને TET પાસ કરવી પડી શકે છે.

---

**કિસાન કોંગ્રેસ આરપારના મૂડમાં**

## 30મી જૂને ગુજરાતભરમાં ચક્કાજામ, આપ અને ભાજપ પર આકરા પ્રહારો..!

### આપ ભાજપની બી ટીમ સાબિત થઇ, પીઠમાં ખંજર માર્યું: લાલજી દેસાઇ

અમદાવાદ

ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ હવે ગુજરાતમાં ખેડૂતોના પડતર પ્રશ્નો મુદ્દે કિસાન કોંગ્રેસ દ્વારા એક લાંબી અને નિર્ણાયક લડતનું એલાન કરવામાં આવ્યું છે. અખિલ ભારતીય સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ અને ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલે એક સંયુક્ત પત્રકાર પરિષદમાં આગામી રણનીતિની જાહેરાત કરી છે, જેમાં આગામી ૩૦મી જૂનના રોજ રાજ્યભરમાં રસ્તા ચક્કાજામ કરવાનો મોટો કાર્યક્રમ જાહેર કરાયો છે.

અખિલ ભારતીય સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ આમ આદમી પાર્ટી (આપ) પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ખેડૂત આંદોલનમાં આપ સ્પષ્ટપણે ભાજપની બી ટીમ સાબિત થઈ છે. કોંગ્રેસના સાથીઓએ છેલ્લા ૬ મહિનાથી ગામેગામ જઈને ખેડૂતો સાથે મુલાકાત કરી છે અને સોમનાથથી ટંકારા સુધી ટ્રેક્ટર યાત્રા કાઢી છે. ખેતરોની વચ્ચે સોનાની થાળીમાં લોઢાની મેખ નાખીને સરકારે કરેલા અન્યાય સામે અમારી લડતને કારણે જ વીજ પોલ દીઠ પ્રતિ થાંભલે ૩૮ લાખને બદલે ૫૫ લાખ આપવાની ઓફર થઈ હતી.

તેમણે વધુમાં ઉમેર્યું કે, વીજ પોલ ઊભા કરવામાં ખેડૂતો સાથે મનફાવે તેવું વર્તન ચલાવી લેવાશે નહીં. વર્ષ ૨૦૧૩ના કાયદા મુજબ જમીનનો બજાર ભાવ કરતાં ૪ ગણો ભાવ મળવો જોઈએ. કિસાન કોંગ્રેસ સંઘર્ષ સમિતિના નેજા હેઠળ ૧૧૧૧ ટ્રેક્ટર રેલીની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે ભાજપ અને તેની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘે કારસો રચ્યો હતો. અમે આમ આદમી પાર્ટીને સ્પષ્ટ કહ્યું હતું કે જો સમર્થન આપવું હોય તો ખેડૂતોના ખેતરમાં જઈને આપો, પરંતુ ટ્રેક્ટર રેલી જોઈને આગલા દિવસે જ જોડાવાની જાહેરાત કરીને આપે માત્ર રાજકીય સ્ટંટ કર્યો છે અને ખેડૂતોની પીઠમાં ખંજર માર્યું છે.

પોલીસ અને ખેડૂતો વચ્ચે લાઠીચાર્જ ન થાય અને મર જવાન, મર કિસાન જેવી સ્થિતિ ન સર્જાય તે માટે અમે શાંત રહ્યા હતા. ભૂતકાળમાં જેલમાં લાલજી દેસાઈ કે પાલભાઈ આંબલિયા ગયા હશે પણ ખેડૂતો પર અત્યાચાર થવા દીધો નથી. પાલભાઈ આંબલિયાને લીમડે બાંધીને માર મારવામાં આવ્યો હોવા છતાં ખેડૂતો પર આંચ આવવા દીધી નથી. હવે અમને આપ પર કોઈ વિશ્વાસ નથી. ખેડૂતોના મુદ્દે અમે મરણિયો જંગ ખેલવા તૈયાર છીએ અને સરકારને ઘેરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. હવે પછીની તમામ લડાઈ કિસાન કોંગ્રેસના નેતૃત્વમાં જ થશે.

---

## અમદાવાદના C.G. રોડ ઉપર ટ્રાફિક નિયમોના ધજાગરા: પૂશ બટન દબાવ્યા બાદ પણ રાહદારીઓને અકસ્માતનો ભારે ભય!

અમદાવાદ




સ્માર્ટ સિટી અમદાવાદના સૌથી વ્યસ્ત અને પોશ ગણાતા સી.જી. રોડ (C.G. Road) પર ટ્રાફિક સેન્સ અને કાયદાના પાલનને લઈને એક ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. રાહદારીઓની સુરક્ષા માટે કરોડોના ખર્ચે મુકવામાં આવેલા આધુનિક 'પેલિકન ટ્રાફિક સિગ્નલ' (Pelican Traffic Signal) માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. સિગ્નલ પર લાલ લાઈટ હોવા છતાં પણ વાહનચાલકો પોતાના વાહનો ઊભા રાખવાને બદલે બેફામ ગતિએ હંકારી રહ્યા છે, જેના કારણે નિર્દોષ રાહદારીઓનો જીવ જોખમમાં મુકાયો છે. આ પેલિકન સિગ્નલની ખાસિયત એ છે કે જ્યારે કોઈ રાહદારીને રોડ ક્રોસ કરવો હોય, ત્યારે તે ત્યાં લાગેલું પૂશ બટન (Push Button) દબાવે એટલે વાહનો માટે લાલ લાઈટ થઈ જાય છે અને રાહદારી સુરક્ષિત રીતે રોડ ક્રોસ કરી શકે છે. પરંતુ સી.જી. રોડ પર વાસ્તવિકતા તદ્દન અલગ અને ભયાનક છે. રાહદારીઓ બટન દબાવીને જેવો રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરે છે, ત્યાં જ લાલ લાઈટ હોવા છતાં વાહનચાલકો સિગ્નલ તોડીને સ્પીડમાં નીકળી જાય છે. આ ગંભીર બેદરકારીને કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. આ સમગ્ર મામલા પાછળ વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યેની ઘોર અજ્ઞાનતા અને જાગૃતિનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. મોટાભાગના વાહનચાલકોને એ જ ખબર નથી કે આ પેલિકન સિગ્નલ શેના માટે છે અને લાલ લાઈટ થતાં જ રોકાઈ જવું એ કાયદેસરની ફરજ છે. હવે જોવાનું એ રહેશે કે 'પાક્કો ગુજરાત'ના આ અહેવાલ બાદ ટ્રાફિક પોલીસ આવા શિસ્તહીન વાહનચાલકોને દંડ ફટકારીને કાયદાનું ભાન કરાવે છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાય છે!

---

**કોઈ મોટી હોનારતની રાહ જોવાઈ રહી છે?**

## અમદાવાદના વાડજ ઓવરબ્રિજની કામગીરીમાં ઘોર બેદરકારી : શ્રમિકો જીવના જોખમે કામ કરવા મજબૂર!

### ક્રેન અને ભારે મશીનરી વચ્ચે સુરક્ષાના સાધનો વિના કામ કરતા મજૂરો: કોન્ટ્રાક્ટરની લાલિયાવાડી સામે તંત્ર કેમ મૌન?

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના અત્યંત વ્યસ્ત ગણાતા વાડજ સર્કલ પાસે બની રહેલા નવા ઓવરબ્રિજની કામગીરી હાલ વિવાદોના વમળમાં ફસાઈ છે. વિકાસના આ ભવ્ય પ્રોજેક્ટ પાછળ શ્રમિકોના લોહી-પરસેવાની સાથે તેમના જીવનું પણ જોખમ હોવાની એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. વાડજ ઓવરબ્રિજ સાઈટ પર કામ કરી રહેલા શ્રમિકો કોઈ પણ પ્રકારના સુરક્ષા સાધનો (Safety Gears) વિના અત્યંત જોખમી પરિસ્થિતિમાં કામ કરી રહ્યા છે, જે ગમે ત્યારે મોટી હોનારતને આમંત્રણ આપી શકે છે.

સ્થાનિકો અને જાગૃત નાગરિકો દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયો અને તસવીરોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, હવામાં અધ્ધર લટકતા ભારે ગર્ડર, ક્રેન અને લોખંડના સળિયા



વચ્ચે કામ કરતા શ્રમિકો પાસે સુરક્ષાના પાયાના સાધનો પણ ઉપલબ્ધ નથી.

હેલ્મેટ વિના કામ: પથ્થરો કે લોખંડની વસ્તુઓ માથા પર પડવાનો સતત ભય હોવા છતાં મોટાભાગના શ્રમિકો હેલ્મેટ વિના નજરે પડે છે.

સેફ્ટી બેલ્ટ અને શૂઝનો અભાવ: ઊંચાઈ પર કામ કરવા છતાં શ્રમિકો પાસે સેફ્ટી બેલ્ટ (Safety Harness) કે પગની સુરક્ષા માટે ગમબૂટ કે સેફ્ટી શૂઝ હોતા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના નિયમો અનુસાર, કોઈ પણ સરકારી કે બ્રિજ પ્રોજેક્ટમાં શ્રમિકોની ૧૦૦% સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટર કંપનીની હોય છે. પરંતુ વાડજ ઓવરબ્રિજના કોન્ટ્રાક્ટર દ્વારા વધુ નફો કમાવવાની લ્હાયમાં ગરીબ શ્રમિકોના જીવને દાવ પર લગાવી દેવામાં આવ્યા છે. આટલી ગંભીર બેદરકારી હોવા છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એન્જિનિયરો કે વિઝિટિંગ અધિકારીઓ આ બાબતે આંખ આડા કાન કેમ કરી રહ્યા છે, તે એક મોટો સવાલ છે. શહેરમાં અગાઉ પણ બ્રિજની કામગીરી દરમિયાન શ્રમિકો નીચે પટકાયા હોવાના અથવા ગર્ડર તૂટી પડવાના કારણે મોત થયા હોવાના કિસ્સાઓ બની ચૂક્યા છે.

---

## અમદાવાદમાં શેરબજારના નામે સગા મામા સાથે 10 કરોડથી વધુની ઠગાઈ : CA દંપતીની ધરપકડ

### જગતપુર અને ગાંધીનગરમાં CA ફર્મ ચલાવતા જવલીન અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી 5.91 કરોડ અને તેમના અન્ય સંબંધીઓ પાસેથી 4.44 કરોડ ખંખેરી લીધા હતા

અમદાવાદ

અમદાવાદમાં શેરબજારમાં રોકાણ પર ઊંચા નફાની લાલચ આપીને પોતાના જ સગા કૌટુંબિક મામા સાથે 10 કરોડથી વધુની છેતરપિંડી આચરવાના એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જગતપુર અને ગાંધીનગરમાં CA ફર્મ ચલાવતા જવલીન નાયક અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી 5.91 કરોડ અને તેમના અન્ય સંબંધીઓ પાસેથી 4.44 કરોડ ખંખેરી લીધા હતા. આમ, કુલ 10.36 કરોડથી વધુ રકમ પડાવીને આ ઠગ દંપતીએ મોટી છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં, આરોપીઓએ છેતરપિંડીના હેતુથી ફરિયાદીના નામે એક બોગસ કંપની પણ ઊભી કરી દીધી હતી.

આ સમગ્ર કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે ફરિયાદી કૌશલ નાયકે પોતાની દીકરીના યુએસએના વિઝા મેળવવા માટે આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ રૂપિયા આપવાના બદલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાં 50 લાખ જમા કરાવ્યા હોવાની એક બોગસ બેંક સ્લીપ પકડાવી દીધી હતી. આ અંગે જાણ થતાં આખરે ઈકોનોમિક ઓફેન્સ વિંગમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જવલીન અને બોસકીની ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 21મી જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે અને હવે તેઓએ આ 10 કરોડથી વધુની રકમનું ક્યાં રોકાણ કર્યું છે તે અંગેની સઘન તપાસ શરૂ કરી છે.

---

**સરદારનગરમાં પી.સી.બી.નો મોટો સપાટો**

## નોબલ નગર વાલ્મિકી આવાસમાંથી 8.67 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**■ પોલીસને જુદા-જુદા બ્લોકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી શીલબંધ બોટલો તેમજ બીયરના ટીન મળીને કુલ 2835 નંગ મુદ્દામાલ હાથ લાગ્યો**

અમદાવાદ

શહેરમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવા માટે પી.સી.બી. (પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ) એ એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નોબલ નગર વાલ્મિકી આવાસમાં પી.સી.બી.ની ટીમે બાતમીના આધારે દરોડા પાડીને લાખો રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પી.સી.બી.ની ટીમે વાલ્મિકી આવાસના અલગ-અલગ સ્થળો પર એકસાથે રેડ પાડી હતી. જેમાં બ્લોક નંબર 14 ની સીડીની બાજુમાં આવેલા ગ્રાઉન્ડ ફ્લોરના પેસમાંથી, તેમજ બ્લોક નંબર 15/648, બ્લોક નંબર 15/673 અને બ્લોક નંબર 17/75 માંથી ગેરકાયદેસર રીતે સંતાડી રાખેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.



આ આખી કાર્યવાહી દરમિયાન પોલીસને જુદા-જુદા બ્લોકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી શીલબંધ બોટલો તેમજ બીયરના ટીન મળીને કુલ 2835 નંગ મુદ્દામાલ હાથ લાગ્યો છે. જપ્ત કરાયેલા આ દારૂ અને બીયરના જથ્થાની કુલ કિંમત રૂપિયા 8,67,584/- આંકવામાં આવી છે.

મુખ્ય આરોપીઓ પોલીસ પકડથી દૂર

આ દરોડા દરમિયાન દારૂનો આટલો મોટો જથ્થો મંગાવનાર અને સંતાડનાર બે મુખ્ય આરોપીઓ પોલીસને થાપ આપીને ભાગી જવામાં સફળ રહ્યા છે. પકડાયેલા ન હોય તેવા આરોપીઓમાં:

1. શ્રવણ ઉર્ફે બલાજી ઉર્ફે બલીયો જોરાજી (ઉર્ફે જીવરાજભાઇ) ઠાકોર - જે વાલ્મિકી આવાસ, નોબલ નગર, સરદારનગર (અમદાવાદ) તેમજ પાલનપુર, બનાસકાંઠાનો રહેવાસી છે. 2. દિપુ સીન્ધી - જે વાલ્મિકી આવાસ, નોબલ નગર, સરદારનગર (અમદાવાદ)નો રહેવાસી છે.

હાલમાં સરદારનગર પોલીસ સ્ટેશનમાં આ અંગે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, તેમજ ફરાર થઈ ગયેલા બંને બુટલેગરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI